**<u>સ્પે.દિ.મુ. નં. ૨૨/ ૨૦૧૮.</u>**

**<u>વાદીની આંક–૫ થી દાવા દરમ્યાન મનાઈ અરજી તથા પ્રતિવાદી નં. ૭ તથા ૧૦ તરફે આંક– ૧૧૨ ની કાઉન્ટર મનાઈ અરજી તથા પ્રતિવાદી નં.૧ તથા ૬ તરફે આંક–૧૧૩ ની કાઉન્ટર મનાઈ અરજી, પ્રતિવાદી નં.૪ તથા ૫ તરફે આંક–૧૧૪ ની કાઉન્ટર મનાઈ અરજીઓ તળે સંયુકત હુકમ</u>**

(૧) આ કામના વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરારના વિશેષ અમલ કરાવી વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માટે તથા હકકસ્થાપન કાયમી મનાઈ હુકમ માટે કરેલ છે. સદરહુ દાવા લગત આંક –૦૫ થી વચગાળાના મનાઈ હુકમ માટે હાલની અરજી કરેલ છે.

તેમજ પ્રતિવાદીઓ નં.૧,૪,૫,૬,૭,૧૦ તરફે આંક–૧૧૨, ૧૧૩ તથા આંક–૧૧૪ નીકાઉન્ટર મનાઈ અરજીઓ રજુ રાખી દાવા દરમ્યાન વાદી પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની જમીનોમાં કોઈ રીતે પ્રવેશ કરે કરાવે નહી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હેલો હરકત કરે કરાવે નહી તેવા મનાઈ હુકમની દાદ માગતી અરજીઓ રજુ રાખેલ છે જે તમામનો નિર્ણય એકસાથે કરવામાં આવેલ છે.

(૨) વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદીઓ ચરખડીયા, જી. અમરેલીના વતની હોવાનુ અને ગામની જમીનો ખેડી ઉપજ લેતા હોવાનુ જણાવેલ છે તથા અમરેલી જીલ્લામાં વરસાદ અનિયમીત હોઈ ધંધાની શોધમાં સુરત મુકામે ગયેલા અને હાલ ત્યાં રહે છે અને ખેતીની દેખરેખ સગા વહાલા મારફત કરાવતા હોવાનુ જણાવેલ છે તથા વાદીઓ ધંધામાં સારુ કમાયેલ હોઈ અને એક જ કુટુંબના હોઈ અને ધંધામાં પ્રવૃત હોઈ સમયનો અભાવ રહેતો અને વાદીઓ વડોદરાની આજુબાજુમાં જયાં વરસાદ સારો પડતો હોય તેવી જમીનોની શોધમાં હતા

અને વાદીઓ ના વડીલ વાદીનં.૧ ના સંપર્કથી વાઘોડીયાના મઢુલી ગામે એક લોટમાં અંદાજે ૧૭૧એકર જેટલી ખેતીની જમીન પ્રતિવાદીઓને વેચવાની હોવાનુ જાણવા મળતાં બધા વાદીઓ એ ભેગા મળી લેવાનુ નકકી કરેલ અને બધા વાદીઓ એક સાથે જરુરી વ્યવહારો કરી શકે તેમ નહોય તમામ વતી વાદીનં.૧ ને સોપેલુ અને તે મુજબ વાદીઓ વચ્ચે સમજુતી થયેલાની હકીકત જણાવેલ છે તેમજ પ્રતિવાદીઓ પૈકી ૧ તથા બાકીના એક બીજાના સગાભાઈઓ અને પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૨ ના બનેવી, પ્રતિવાદીનં.૫ એ પ્રતિવાદી નં.૪ ના પત્ની, પ્રતિવાદી નં.૬ એ પ્રતિવાદી નં.૧ ના પત્ની, પ્રતિવાદી નં.૭ એ પ્રતિવાદી નં.૧૦ ના પત્ની, પ્રતિવાદી નં. ૮ એ પ્રતિવાદી નં.૨ ના માતા, પ્રતિવાદી નં.૯ એ પ્રતિવાદી નં.૩ ના પત્ની જયારે પ્રતિવાદી નં.૯/૧ પ્રતિવાદી નં.૩ ના પુત્ર આમ એક બીજાના નજીકના સગાઓ હોઈ અને પ્રતિવાદી નં.૨ પ્રતિવાદી નં.૧, ૩, ૪ તથા નં.૧૦ ના કુલમુખત્યાર છે અને વેચાણ કરવાની તમામ વાતચીત, લેવડ – દેવડ પ્રતિવાદી નં.૧,૨ ની સાથે કરવાની હોવાનુ જણાવેલ છે. તેમજ વાદીનં.૧ ને વડોદરાના એક જમીન દલાલે બરોડા કો.ઓ.બેંક માં બેંકના અધિકારી પ્રવિણભાઈ પટેલ મારફત પ્રતિવાદી નં.૧,૨ ને મળેલા અને તેઓએ મિલકત વેચવાની તૈયારી દર્શાવતાં તે અંગેની વાતચીત વાદી નં. ૧ અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલાનુ પક્ષનિવેદન કરેલ છે. તેમજ દાવા અરજીના પેરા.૯ માં તા.૨૫/૧/૦૬ પહેલાં પ્રતિવાદીઓ ની દાવાના પેરા.૬ માં જણાવેલ કુલ ૧૭૧ એકર અં દાજે ૩૦૧ વીઘા એક વીઘાની કિંમત રૂા.૪૭,૫૧૧/– ની નકકી કરેલ અને ઉચ્ચક કિંમત રૂા. ૧,૪૩,૦૦,૦૦૦/– ની નકકી કરેલ જે પૈકી ખેતીની આવકમાંથી રોકડા અને ડ્રાફટથી આપવાનુ નકકી થયેલ હોવાનુ અને તે નકકી થયા પ્રમાણે સને.૨૦૦૬ ના જાન્યુઆરી માસમાં અવેજ પેટેના રૂા.૨૧,૦૦,૦૦૦/– ચુકવી આપેલા અને બાદ તા.૨૫/૧/૦૬ ના રોજ વકીલ

મારફત ટાઈટલ કલીયરન્સની નોટીસ પ્રસિધ્ધ કરી વાંધા મંગાવતાં નહી આવેલાનુ પણ તેમાં સુપ્રિમકોર્ટ સમક્ષ સીવીલ અપીલ નં.૪૪૨૦/૨૦૦૪ ની કાર્યવાહી ચાલુ હોવાનુ ટાઈટલ કલીયરન્સમાં જણાવેલાનુ પક્ષનિવેદન કરેલ છે. વધુમાં વાદીનં.૧ નાએ આ હકીકત પ્રતિવાદી ઓને જણાવેલ અને તેઓની વચ્ચે એવુ નકકી થયેલ કે આ મિલકત અંગેના કોઈ પ્રોસીડીગ્ઝ કોઈ પણ કોર્ટ કે અધિકારી રૂબરુ ચાલે તેમાં પ્રતિવાદીઓ ની સહી, સંમતી, જવાબો,સોગંદનામા વિગેરે લખાણો આપવા બંધાયેલ છે, પરંતુ તેનો ખર્ચ વાદીએ કરવાનો રહેશે અને સુપ્રિમકોર્ટનો નિર્ણય આવ્યા પછી પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરી લેવાનો રહેશે તથા તે દરમ્યાન વાદીઓ જો પ્રતિવાદીઓ ને રૂા.૧,૪૩,૦૦,૦૦૦/– ની અડધી રકમ રૂા. ૭૧,૫૦,૦૦૦/– આપે તો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો કબજો વાદીઓને સોપશે તેવુ નકકી થયેલાનુ અને તે મુજબ તા.૨૫/૨/૨૦૦૬ સુધીમાં કુલ રૂા. ૪૨,૦૦,૦૦૦/–રોકડા ચુકવી આપેલા જેની પાવતી પ્ર તિવાદીનં.૧ ના કર્મચારી હસમુખભાઈએ તા.૨૫/૨/૨૦૦૬ ના રોજ આપેલ અને રૂા.૩૦,૭૫,૦૦૦/– ડીમાન્ડ ડ્રાફ્ટથી પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ (દાવામાં ડ્રાફટની વિગત આપેલ છે) ચુકવી આપતાં તા.૪/૭/૨૦૦૬ ના રોજ વાદીઓ એ જમીનનો કબજો સંભાળી લીધેલ અને ત્યારથી તેમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ હોવાની અને મહેસુલ તથા શિક્ષણ ઉપકર ભરતા હોવાનુ જણાવેલ છે. તેમજ સુપ્રિમકોર્ટ સમક્ષની પ્રોસીડીગ્ઝમાં વાદી હાજર રહી જરુરી કાર્યવાહીઓ કરેલ અને વકીલશ્રીઓ તથા તેમના કલાર્ક વિગેરેના ખર્ચ રોકડ તથા ડીમાન્ડ ડ્રાફ્ટથી ચુકવેલ જે કુલ રૂા. ૫,૮૫,૦૦૦/– જુદાજુદા સમયે ચુકવી રસીદો મેળવેલ અને તા.૫/૨/૦૮ ના રોજ ના.સુપ્રિમ કોર્ટે હુકમ કરી એગ્રી.લેન્ડ સીંલીંગ એકટમાંથી મુકિત આપેલ પરંતુ મુળ ખરીદનાર પ્રતિવાદીઓ જે તે સમયે ખેડુત હતા કે કેમ તથા સીંલીગનો

નિર્ણય કરવા માટે ડભોઈ મામલતદાર, કૃષિપંચને મોકલી આપેલુ અને મામલતદારશ્રીએ કેસની સુનાવણી કરી ગણોત કેસ નં.૩૬/૦૮ થી ૩૯/૦૮ તથા ૪૪/૦૮ કામ ચલાવી ગણોતધારા ની કલમ–૬૩ નો ભંગ થતો નથી તેમ ઠરાવી કલમ–૮૪ સી ની નોટીસ પરત ખેચી કામબંધ કરતો હુકમ તા.૧/૬/૦૮ ના રોજ કરેલો. તેમજ ત્યારબાદ નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણાએ મામલતદાર કૃષિપંચનો હુકમ રીવીજનમાં લઈ ટેનન્સી રીવીજન કેસ નં. ૨૪/૧૦ થી ૨૮/૧૦ થી નોટીસો કાઢેલ તે અગાઉ પ્રતિવાદીઓ ગુજરાત ટ્રીબ્યુનલ સમક્ષ ટેનન્સી રીવીઝન નં.૩૮૦/૯૯ થી રીવીજન કરેલ તે કામે તા.૨૭/૮/૯૯ ના રોજ બીજો હુકમન થાય ત્યાં સુધી મોકુફ રાખવાનો હુકમ કરેલો અને તેની કાર્યવાહી ચાલુ હોવાનુ જણાવેલ છે. વધુમાં વાદી જણાવેલ છે કે, પ્રતિવાદીઓ પુરતો સહકાર આપતા નહોઈ તે કેસમાં પ્રગતિ થઈ શકેલ નહી અને વાદી નં.૧ પ્રતિવાદીઓ ને મળીને વાત કરતાં પ્રતિવાદીઓએ વાદી પાસેવેચાણ અવેજની બાકી રકમ પર વ્યાજ આપવુ પડશે તેવુ જણાવતાં વાદી પાસે સગવડ હોઈ પુરેપુરી રકમ ચુકવી આપી દસ્તાવેજ કરી લેવાનુ જણાવેલ અને કોના નામે દસ્તાવેજ કરાવવો છે તેની યાદી આપેલી અને તા.૧૩/૪/૧૦ ના રોજ વીસ લાખ રોકડા પ્રતિવાદીઓને આપેલા જે અંગેની પાવતી પ્રતિવાદી નં.૨ નાએ આપેલી અને તા.૨૧/૬/૨૦૧૦ નો ડીડીનં.૦૦૬૮૮૭ કોટક મહીન્દ્રાબેકંનો રૂા.૫,૮૪,૦૦૦/– નો નવીનભાઈ બાપુભાઈ પરીખના, તા.૨૨/૬/૨૦૧૦ નો ડીડીનં.૭૩૬૭૪૪ એચ.ડી.એફ.સી.બેંકનો રૂા.૬,૪૬,૦૦૦/– નો પ્રભાબેન મનુભાઈ પટેલના, તા.૨૩/૬/૨૦૧૦ નો ડીડી નં. ૨૦૮૩૫૧ એસ.બી.આઈ બેંક નો રૂા.૬,૯૨,૦૦૦/– નો ગીરીશભાઈ સી.પટેલના, તા.૧૯/૬/૨૦૧૦ નો ડીડીનં.૫૦૬૯૯૨ એચ.ડી.એફ.સી.બેંકનો રૂા.૮,૭૬,૦૦૦/– નો નવીનભાઈ બાપુભાઈ પરીખ, ડીડી નં.

૦૦૬૮૮૮ કોટક મહીન્દ્રાબેકનો રૂા.૯,૭૪,૦૦૦/– નો લોપાબેન પી.દવે, તથા તા.૨૩/૬/૨૦૧૦ ના રોજ રૂા.૨,૯૩,૦૦૦/–રોકડા પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ આપેલા ઉપરોકટ ડ્રાફટ પ્રતિવાદીની કંપનીની ઓફિસે તા.૨૩/૬/૧૦ ના રોજ રૂબરુ આપવા ગયેલા અને પ્રતિવાદીના જણાવ્યા મુજબ એકાઉન્ટન્ટ ને ડ્રફ્ટ આપેલા અને તેઓએ પાવતી આપેલી. વાદીના કથન મુજબ કરાર મુજબ પુરેપુરી અવેજની રકમ ચુકવી આપેલી હોવા છતાં પ્રતિવાદીઓ દસ્તાવેજ કરી આપતા નથી અને વાદી પાસે વધુ ભાવની માગણી કરી રહેલ છે તેમજ પ્રતિવાદી ઓ અન્યને જમીન વેચાણ કરવાની પેરવી કરી રહેલ છે તેમજ ચાલુ દાવે કેટલીક જમીનો વેચાણ કરેલ છે વિગેરે હકીકતે દાવો લાવેલ છે અને આંક–૫ થી હાલની અરજી રજુ રાખી વાદીના કબજા ભોગવટામાં પ્રતિવાદીઓ હરકત અંતરાય કરે કરાવે નહી તેવો મનાઈ હુકમની માગણી કરેલ છે તેમજ પ્રતિવાદી ૩/૨ અને ૩/૩ તથા નં.૨/૪ થી ૨/૮ તથા ૮/૪ થી ૮/૮ તથા ૯/૨ અને ૯/૩ ના વાદીના હકક અધિકારને નુકશાન થાય તે રીતે મિલકતો તબદિલ કરે કરાવે નહી તેવા મનાઈ હુકમની દાદ માગેલ છે.

(૩) દાવાના કામે પ્રતિવાદીને નોટીસની બજવણી થતાં પ્રતિવાદીઓ હાજર થયેલ છે અને પ્રતિવાદી નં.૭ તથા ૧૦ તરફે **આંક–૨૧** થી દાવા તથા મનાઈ અરજીનો લેખિત જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ રાખેલ છે જેમાં દાવાની હકીકતોનો તથા કરાર અવેજ વિગેરેનો ઈન્કાર કરી ખરીહકીકતે જણાવેલ છે કે, માંજે મઢેલી, તા. વાઘોડીયાની જુદા જુદા સર્વેનંબરો વાળી દાવાવાળી જમીનો રમણભાઈ ભાઈલાલભાઈ પટેલ (પ્ર.વા.૧), ઉર્મિલાબેન રમણભાઈ પટેલ (પ્ર.વા.૬), નારાયણભાઈ ભાઈલાલભાઈ પટેલ, ભાગીરથીબેન નારાયણભાઈ પટેલ, મનુભાઈ ભાઈલાલભાઈ પટેલ (પ્ર.વા.૪) પ્રભાબેન મનુભાઈ પટેલ (પ્ર.વા.૫), ચંદુભાઈ મગનભાઈ

પટેલ, ચંચળબેન ચંદુભાઈ પટેલ, નવિનભાઈ બાપુલાલ પરીખ (પ્ર.વા.૩) અને જશુબેન નવિનભાઈ પરીઅ (પ્ર.વા.૩) નાઓ ભેગા મળી તેઓની વચ્ચે થયેલ ઈલાયદા કરાર ની શરતો ને આધિન ખરીદવાનુ નકકી કરેલ અને તેના ભાગરૂપે જુદાજુદા વેચાણ દસ્તાવેજ તા.૧૪/૯/૧૯૭૦, તા.૨૯/૪/૧૯૭૧, તા.૨૩/૬/૧૯૭૧ તથા તા.૧૮/૧૨/૧૯૭૧ ના રોજના વેચાણ દસ્તાવેજોથી તેના મુળ માલીકો પાસેથી ખરીદ કરેલ અને તેઓ વચ્ચે થયેલ કરારની શરતોને આધિન તા.૩૦/૧૨/૧૯૭૧ ના કરાર લેખથી વહેચણ કરેલ તે પ્રમાણે જેના ભાગે આવેલ તેના નામે રેવન્યુ રેકર્ડમાં ચઢાવવામાં આવેલ જેની ફેરફાર નોધ નં.૧૩૭૧, તા.૨૫/૧૨/૧૯૭૪ ના રોજની પડેલ અને તે મુજબ દરેક માલીક સ્વતંત્ર માલીક કબજેદાર બનેલા. વધુમાં જણાવેલ છે કે, ૧૯૭૬ ની સાલમાં એગ્રીકલ્ચર લેન્ડ સીલીંગ એકટની સક્ષમ ઓથોરીટીએ સદર જમીનની નોટીસો કાઢી પ્રોસીડીગ્ઝ ચાલુ કરેલ અને તા.૩૦/૪/૧૯૮૩ ના રોજ હુકમ કરી ૧ એકર ૩૧ ગુંઠા જમીન ફાજલ ઠરાવેલ જે સ.નં.૬૪૩/૪૩ વાળી જમીન ફાજલ ઠરાવેલ. ત્યાર બાદ ડે.કલેકટરશ્રી, ડભોઈનાએ મામલતદારશ્રીનો ઉપરોકત હુકમ રીવીઝનમાં લઈ સીંલીંગ એકટની કલમ-૩૭ મુજબ નોટીસો કરેલ અને ત્યાર બાદ તા.૨૩/૮/૧૯૮૪ ના રોજ હુકમ કરી ફકત ૩૬ એકર જમીન તમામ દશ ખરીદનારા વચ્ચે રાખવાપાત્ર છે તેમ ઠરાવી બાકીની જમીન ફાજલ જાહેર કરી સરકારશ્રીમાં વેસ્ટ કરતો હુકમમ કરેલ. તેવા હુકમ વિરૂધ્ધ પ્રતિવાદીઓ ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ સમક્ષ પડકારતાં તા.૨૯/૧૨/૧૯૮૭ ના રોજ તેવો હુકમ કાયમ રહેતાં પ્રતિવાદીઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ ફાઈલ કરેલ જેમાં તા.૩૦/૧૨/૧૯૯૯ ના રોજ રીટ મંજુર કરી રેવન્યુ ટ્રીબ્યુનલને રીમાન્ડ કરેલો. અને તેવા હુકમને ના.હાઈકોર્ટની ડીવીઝન બેંચમાં ચેલેન્જ કરતાં

ના.ડીવી.બેંચે તા.૪/૩/૨૦૦૦ ના ચુકાદાથી રીમાન્ડનો હુકમ રદ કરી કલેકટરશ્રીનો હુકમ કાયમ કરેલો. ત્યાર બાદ પ્રતિવાદીઓ નામદાર સુપ્રિમકોર્ટમાં સી.એ.૪૪૨૦/૨૦૦૪ ની દાખલ કરેલી જેમાં તા.૫/૨/૨૦૦૮ ના રોજ ચુકાદો આવેલ અને ના.સુપ્રિમકોર્ટે નામદાર હાઈકોર્ટ તથા કલેકટરશ્રીના ચુકાદાને રદ કરી મામલતદારશ્રીને દસ ખરીદનારા ઈસમો બિનખેડુતછે કે કેમ તે નકકી કરવા અને બિનખેડુત ઠરે તેટલા પુરતુ વેચાણ ગેરકાયદેસર ઠરાવવા હુકમ કરવા અને યોગ્ય હુકમ કરવા જણાવેલ અને તેવા હુકમ આધારે કાર્યવાહી ચાલુ હોવાનુ જણાવેલ છે. વધુમાં પ્રતિવાદી જણાવેલ છેકે, પ્રતિવાદી નં.૧, ૪ અને ૧૦ પ્રતિવાદી નં.૨, ૩, ૮, ૯ અને ૯/૧ સાથે કોઈ સબંધ નથી કે સગા થતા નથી તેમજ ગીરીશભાઈ ચંદુભાઈ પ્રતિવાદી નં.૧ , ૩, ૪ અને ૧૦ ના કુ.મુ. નહોવાનુ જણાવેલ છે કે તેઓને પાવર આપેલ નથી. પ્રતિવાદી નં.૧ ધંધાકીય કંપની છે, પરંતુ તેના કર્મચારી હસમુખભાઈ રાવજીભાઈ પટેલ દાવાવાળી મિલકતો નો વહીવટ કરવા સતા આપેલાનુ ખરુ નહોવાનુ જણાવેલ છે. દાવાવાળી જમીનો કિંમતી છે અને તેનો વહીવટ કરવા સામાન્ય કર્મચારીને સતા આપી દે તે બની શકે નહી. વાદીએ પ્રતિવાદી નં.૧ સાથે ઘરોબો કેળવી તેમનો વિશ્વાસ સંપાદન કરી વાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧ ને એવી દરખાસ્ત કરેલ કે તેઓ પાસે તેમની બચતની કેટલીક રકમો બેંકોમાં પડેલ છે અને પ્રતિવાદી નં.૧ની કંપની ખુબ સારો ધંધો કરતી હોઈ કંપનીમાં ડીપોઝીટ કરી રોકાણ કરનારને સારુ એવુ નફાકારક વ્યાજ આપે છે જેથી વાદી નં.૧ ડીપોઝીટ કરવા માગતા હોઈ વાદી નં.૧ નાએ સને.૨૦૦૬ ની સાલમાં કંપનીના નાના ચેક કે ડ્રાફ્ટ આપવાના બદલે રમણભાઈ ભાઈલાલભાઈ પટેલના નામના બે ચેકો આપેલા તેમજ પ્રતિવાદી નં.૧ નાએ તે બરાબર નહોવાનુ જણાવતાં વાદી નં.૧ નાએ કંપની તરફથી મળતા વ્યાજની રકમ જાહેર કરવા માગતા નહોઈ

તે રકમ કંપનીમાં ડીપોઝીટ તરીકે રાખવાનુ છે તેમ અને તેનુ ઉપલક વ્યાજ વાદી નં.૧ ને આપવાનુ છે તેવુ નકકી થયેલુ. તેમજ વાદી નં.૧ સાથે પ્રતિવાદી નં.૧ ને ઘરોબો હોવાથી તેઓને સહકાર આપવાના ઈરાદે પ્રતિવાદી નં.૧ તે રીતે સંમત થયેલા અને સદર ચેક પોતાના ખાતામાં જમા કરાવી ડીપોઝીટની રકમ કંપનીમાં ટ્રાન્સફર કરી દીધેલ અને તેનુ વ્યાજ પણ પ્ર તિવાદી નં.૧ રમણભાઈ તરફથી રોકડે થી વાદી નં.૧ ને સતતપણે ચુકવવામાં આવેલુ. વધુમાં જણાવેલ છે કે, વાદી નં.૧ નાએ ફરીથી તેઅની બાકીની બચતો આપવાની દરખાસ્ત મુકતાં ટેક્ષ કન્સલ્ટન્ટની સલાહ મુજબ વાજબી નહોઈ તેથી પ્રતિવાદી નં.૪ ના નામથી એટલે કે પ્રતિવાદી નં.૧ રમણભાઈ ના સગાભાઈ ના નામથી એક ચેક અને બીજો ચેક પ્રતિવાદી નં.૭ મૈયત ભાગીરથીબેન નારાયણભાઈ પટેલના નામથી લેવાનુ નકકી કરેલુ અને તે રીતે સબંધ નો ઉપયોગ કરી પ્રતિવાદી નં.૧ ને સમજાવી તેમના કુટુંબના સભ્યોના નામે તા.૪/૭/૨૦૦૬ ના રોજના અલગ અલગ બે ચેક વાદી નં.૧ પાસેથી લીધેલા અને તે ચેક કલીયર થતાં પ્રતિવાદી નં .૧ ની રેમન્ડ પટેલ જીલેટીન નામની કંપનીમાં ટ્રાન્સફર કરી દીધેલ અને ડીપોઝીટ પેટે રાખેલા. વધુમાં જણાવેલ છે કે, વાદી નં.૧ નાએ રમત રમી પ્રતિવાદી નં.૧ ના કુંટુંબના સભ્યોના નામે અને પોતાના નામે ચેકોની ચુકવણી કરી હોય તેવો રેકર્ડ ઉભો કરી સબંધોનો દુરુપયોગ કરેલ છે અવેજ પેટે કોઈ રકમ ચુકવવામાં આવેલ ન હોવાનુ જણાવેલ છે. જમીન વેચવાનો કોઈ મૌખિક કરાર વાદી નં.૧ સાથે થયેલાનો ઈન્કાર કરેલ છે. જમીન અંગે કોઈ વ્યવહાર વાદીએ પ્ર તિવાદીઓ સાથે કરેલ નથી  અને જમીન વેચવાની હોત તો જમીનનો અવેજ રમણભાઈ કે મનુભાઈ કે ભાગીરથીબેનને આપવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી અને બાકીના પ્ર તિવાદીઓને પણ સદર જમીનોમાં સરખો હિસ્સો હોવાથી તેઓને પણ રકમ ચુકવવા પાત્ર

હોવાનુ જણાવેલ છે. તેમજ ૨૦૦૬ માં ૨૧ લાખ રોકડા ચુકવેલાનુ ખોટુ જણાવેલ છે. તેમજ સુપ્રિમકોર્ટમાં ચાલતી અપીલના કામે વાદીઓએ સમગ્ર ખર્ચ કરવાનો અને તે કેસનો નિર્ણય આવ્યા બાદ રજી.વેચાણ દસ્તાવેજ કરી લેવાનુ નકકી થયેલાની હકકીકતો તથા ૫૦ % રકમ ચુકવી આપે તો કબજો સોપવાની વાત થયેલ હોવાનુ પણ વાદીઓએ ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદીના કર્મચારી હસમુખભાઈને નાણાંકીય વ્યવહાર કરવા સતા આપેલાનો ઈન્કાર કરેલ છે તેમજ કાયદાકીય લડતોનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવેલ છે વાદીને તેવા ખર્ચ સાથે કોઈ લેવા દેવા નહોવાનુ જણાવેલ છે અને શકય છે કે પ્રતિવાદી નં.૧ ને વાદી નં.૧ સાથે ઘરોબો હોવાથી તેમના વતી પ્રતિવાદીઓના વકીલની ઓફિસે કે કોઈ વાર કોર્ટમાં પ્રતિવાદી નં.૧ વતી ધકકો ખાધો હોય પરંતુ કેસ લડવા માટે વાદીને કોઈ સતા આપેલ નથી કે કોઈ ખર્ચ વાદીએ કરેલ નથી. તેમજ ગીરીશભાઈને જમીન વેચવા માટે કોઈ સતા આપેલ નથી અને પ્રતિવાદીઓ વતી ૨૦ લાખ ગીરીશભાઈને ચુકવેલ હોવાની થિયરી ઉભી કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. વાદીએ દાવામાં જણાવેલ ડ્રાફટ પ્રતિવાદી નં.૧ ને પહોચાડેલ નથી કે કોઈ કર્મચારીને પણ આપેલા નથી અને બનાવટી પાવતી ઉભી કરેલ હોવાનુ જણાવેલ છે.

વધુમાં જમીનનો કબજો કયારેય પણ વાદીને સોપેલ નહોવાનુ જણાવેલ છે અને જમીનોનો મોટાભાગનો હિસ્સો બિનખેડનો છે અને જંગલી ઘાસ, લાકડા, ઝાડ ઉગેલ છે ફકત એક હિસ્સામાં જ પ્રતિવાદીના માણસો દેખરેખ રાખે છેઅને ખેતી કામ કરે છે તે સિવાયની જમીન બિન ઉપજાઉ છે.વાદીઓનો કબજો હોવાની હકીકત ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવેલ છે. વાદીએ કોર્ટ કમિશ્નર મારફત પંચનામુ કરાવેલ છે તેવુ પંચનામુ કરતાં પહેલાં પ્રતિવાદી નં.૧ સિવાય કોઈને પણ નોટીસો બજાવેલ નથી અને એકતરફી રીતે કરવામાં આવેલ છે. જે અં

ગે તા.૩૧/૧/૨૦૧૧ ના રોજ પ્રતિવાદી નં.૧નાએ પુરશીષ આપેલ છે. તેમજ નારાયણભાઈ ભાઈલાલભાઈ પટેલ કે જેઓ બાકીના ખરીદનારા સાથે સહખરીદનાર હતા તેઓ સને.૨૦૦૪ ની સાલમાં ગુજરી ગયેલ છે અને તેમના પત્ની ભાગીરથીબેન સને.૨૦૦૯ માં ગુજરી ગયેલ છે અને વારસમાં લોપાબેન પી.દવે એકલા હયાત છે જેથી પણ તેવી જમીનનો વહીવટ કરવા કોઈ સતા કોઈને આપેલ નથી. તેમજ વાદીઓ જણાવે છે તેવા સમયે લોપાબેન ગુજરાતમાં નહોતા પરદેશ હતા જેથી તેઓને ડ્રાફટ કે અવેજ ચુકવવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. વેચાણ અવેજની રકમ કોના ખાતામાં કઈ રીતે ગઈ તે વાદી જણાવેલ નથી. અને વાદી પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં હેલો હરકત કરે કરાવે નહી તે માટે કાઉન્ટર દાવો કરેલ છે અને તેઓના સ્વતં ત્ર કબજા ભોગવટામાં આવેલ દવાવાળી જમીનમાં વાદીએ હરકત હેલો કરવાનો હકક અધિકાર નહોવાનુ ઠરાવવા તથા વાદી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેવા મનાઈ હુકમ ની દાદ માગેલ છે.

(૩/૧)તેમજ **પ્રતિવાદી નં.૧ તથા ૬ તરફે આંક–૧૯** થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ રાખેલ છે તથા વાદી વિરૂઘ્ધ કબજામાં હરકત કરે કરાવે નહી તે મતલબની દાદ માગેલ છે.તેમજ **પ્રતિવાદી નં.૪ તથા ૫ તરફે આંક–૨૦** થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ રાખેલ છે તથા વાદી વિરૂઘ્ધ કબજામાં હરકત કરે કરાવે નહી તે મતલબની દાદ માગેલ છે.

(૩/૨) **પ્રતિવાદી નં.૨ અને ૮/૧ થી ૩ તરફે આંક–૧૨૩** થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો લ ેખિત જવાબ રજુ રાખેલ છે જેમાં વાદીના દાવાની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, માંજે મઢેલી, તા. વાઘોડીયાની દાવાવાળી જમીનોના માલીક કબજેદાર

પ્રતિવાદીઓ છે અને મુળ પ્રતિવાદીઓ વચ્ચે અંદરો અંદર તા.૧૫/૯/૧૯૬૯ ના રોજ કરાર કરી જમીનો ખરીદવા માટે સમજુતી શરતો નકકી કરવામાં આવેલ અને તે આધારે તા.૧૪/૯/૧૯૭૦, તા.૨૯/૪/૧૯૭૧, તા.૨૩/૬/૧૯૭૧ તથા તા.૧૮/૧૨/૧૯૭૧ ના રોજના વેચાણ દસ્તાવેજોથી અગાઉના માલીકો પાસેથી ખરીદ કરેલ અને અગાઉ થયેલ સમજુતી મુજબ તા.૩૧/૧૨/૧૯૭૧ ના રોજના વહેચણ લેખથી વહેચણકરવામાં આવેલ જેની ફેરફાર નોધ નં.૧૩૭૧, તા.૨૫/૧૨/૧૯૭૪ ના રોજની પડેલ અને તે મુજબ જે તે પ્રતિવાદીના સ્વતંત્ર હિસ્સે સ્વતંત્ર કબજેદાર તરીકે દાખલ થયેલ અને તે મુજબ રે.સ.નં.૬૪૩/૪, ૬૪૩/૧૭, ૬૪૩/૩૪, ૬૪૩/૪૬, ૬૪૩/૪૭, ૬૪૩/૧૮ તથા ૬૪૩/૩૫ વાળી જમીનો મુળ પ્રતિવાદી નં.૨ ગીરીશભાઈ ચંદુભાઈ પટેલના હિસ્સે આવેલ તેમજ ૬૪૩/૬, ૬૪૩/૪૨, ૬૪૩/૪, ૬૪૩/૧૨, તથા ૬૪૩/૩૮ મુળ પ્રતિવાદી નં.૮ અને ગીરીશભાઈ ચંદુભાઈના માતા ચંચળબેન ચંદુભાઈ પટેલના નામે અને તેણી તા.૫/૭/૧૯૮૨ ના રોજ મરણ જતાં વારસાઈ હકકે ગીરીશભાઈ ચંદુભાઈ પટેલ ને ફેરફાર નોધ નં.૪૯૧૭ થી પ્રાપ્ત થયેલ ત્યાર બાદ ગીરીશભાઈ ચંદુભાઈ તા.૧/૧૧/૧૬ ના રોજ મૈયત થતાં વારસાઈ હકકે પ્રતિવાદીઓને મળેલ જેની ફેરફાર નોધ નં.૫૬૭૧ પડેલ તે રીતે પ્રતિવાદીઓ સંયુકત માલીક કબજેદાર બનેલ છે અને કબજો ભોગવટો પ્રતિવાદીઓનો છે. તેમજ વાદીએ મૌખિક કરાર થી પ્રતિવાદી નં.૧, ૨ સાથે નકકી કરેલ હોવાનુ જણાવેલ છે તેમાં પ્રતિવાદી નં.૧ થી ૧૦ સ્વતંત્ર કબજેદાર હોઈ વાદીએ જે તે દાવાવાળી જમીનના માલીક સાથે વાદીએ કોઈ કરાર કરેલ નથી. મૌખિક કરાર કાયદેસરનો નથી તેમજ પ્રતિવાદી નં.૧, ૨ ને કોઈ પ્રતિવાદી વતી અથવા સંયુકત વેચાણ કરવા માટે કોઈ લેખિત કે મૌખિક સંમતી આપેલ નથી કે અવેજ સ્વીકારેલ નથી. તેમજ સને.૨૦૦૬ માં

ગુજરાત લેન્ડ સીલીંગ એકટ હેઠળની કાર્યવાહી સક્ષમ અધિકારી સમક્ષ ચાલુ હતી અને જમીનો ફાજલ જાહેર થયેલી જેથી તે સમયે જમીનો વેચાણ કરવા માટે કાયદેસરનો બાધ હતો. મુળ પ્રતિવાદી નં.ર થી ૮ ને કોઈ રકમ ચુકવેલ નથી તેમજ ગીરીશભાઈ અને ચંચળબેને પ્રતિવાદી નં.૧ કે તેઓના કર્મચારીને વેચાણ કરવા કે અવેજ સ્વીકારવા કોઈ સંમતિ આપેલ નથી જેથી પાવતી આપવાનો પ્રશ્ન ઉભો થતો નથી. કહેવાતો કરાર થયેલ નથી કે કોઈ અવેજ ચુકવેલ નથી તેમજ દાવાના કામે કરવામાં આવેલ પંચકયાસ કાયદામુજબ કરવામાં આવેલ નથી વિગેરે હકીકતે દાવો તથા મનાઈ અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૩/૩) પ્રતિવાદી નં.૩ અને ૯/૧ તરફે આંક–૧૨૪ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજુ રાખેલ છે જેમાં દાવાની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે ઉપર પ્રતિવાદીએ જણાવેલ તેવી હકીકતે પરસ્પર સમજુતી લેખ આધારે જમીનો વેચાણ રાખી વહેચણ લેખ ની ફેરફાર નોધ નં.૧૩૭૧, તા.૨૫/૧૨/૧૯૭૪ થી જે તે પ્રતિવાદી સ્વતંત્ર માલીક બનેલ તે મુજબ રે.સ.નં.૬૪૩/૧૬, ૬૪૩/૩૯, ૬૪૩/૩૫/બ, તથા ૬૪૩/૪/બ વાળી જમીનો મુળ પ્રતિવાદી નં.૩ નવિનભાઈ બાપુભાઈ પરીખના હિસ્સે આવેલ તેમજ દાવાવાળી જમીનો પૈકી રે.સ.નં.૬૦૧/૫, ૬૪૩/૧૨/બ, ૬૪૩/૩૮/ક તથા ૬૪૩/૯ વાળી જમીનો મુળ પ્રતિવાદી નં.૯ જશુબેન નવીનભાઈ પરીખ ના હિસ્સે આવેલ અને નવિનભાઈ બાપુભાઈ તથા જશુબેન નવિનભાઈ પરીખ મૈયત થતાં વારસાઈ હકકે પ્રતિવાદીઓના નામે દાખલ થયેલ હોવાનુ જણાવેલ છે અને કબજો પ્રતિવાદીઓનો હોવાનુ જણાવેલ છે. ઉપરોકત હકીકતો સિવાય ઉપર અન્ય પ્રતિવાદીએ જવાબમાં જણાવેલ તેવી જ હકીકતે જવાબ રજુ રાખેલ છે.

(૪) વાદી તરફે આંક–૪૭ થી પ્રતિવાદી નં.૧, ૬ તથા આંક–૪૮ થી પ્રતિવાદી નં.૪ અને ૫ ના

કાઉન્ટર કલેઈમનો જવાબ આંક–૪૯ થી પ્રતિવાદી નં.૭ તથા ૧૦ ના કાઉન્ટર કલેઈમનો જવાબ રજુ રાખવામાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ આંક–૧૪૧ તથા આંક–૧૪૨ થી અનુક્રમે પ્રતિવાદી નં.૨ અને ૮/૧ થી ૮/૩ તથા પ્ર.વા.નં.૩/૧ અને ૯/૧/૧ ના જવાબ સંદર્ભે સોગંદનામુ રજુ રાખેલ છે. તથા આંક–૨૨૬ થી પ્રતિવાદી નં.૨/૪ થી ૨/૮, ૩/૨ થી ૩/૩, ૮/૪ થી ૮/૭ તથા ૯/૨ થી ૯/૩ તરફેના જવાબ સંદર્ભે વાદી તરફે સોગંદનામુ રજુ રાખેલ છે.

તેમજ પ્રતિવાદી તરફે આંક–૫૭, ૫૮, ૫૯ થી કાઉન્ટા દાવા સંદર્ભે વાદીએ રજુ રાખેલ જવાબ અનુસંધાને કાઉન્ટર સોગંદનામા રજુ રાખેલ છે.

(૫) વાદી તરફે આંક–૪ ના લીસ્ટથી નિશાની ૪/૧ થી નિશાની ૪/૫૯ સુધીના ના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તેમજ વાદી તરફે આંક–૫૦ ના દસ્તાવેજી લીસ્ટ આધારે ૫૦/૧ થી નિ.૫૦/૧૨૧ સુધી દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડના ઉતારા રજુ રાખેલ છે. તથા આંક–૧૫૬ ના લીસ્ટ આધારે નિ.૧૫૬/૧ થી નિ.૧૫૬/૨ સુધી જાહેર નોટીસનુ પેપર ની નકલ રજુ રાખેલ છે. તેમજ વાદી તરફે આંક–૧૭૫ ના લીસ્ટ આધારે નિ.૧૭૫/૧ થી નિ.૧૭૫/૭ સુધીના દસ્તાવેજી આધારો જેમાં દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજો રજુ રાખેલ છે. તથા આંક–૧૭૭ ના લીસ્ટ આધારે નિ.૧૭૭/૧ થી નિ.૧૭૫/૪ સુધીના દસ્તાવેજી આધારો જેમાં દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજો રજુ રાખેલ છે. આંક–૧૭૯ ના લીસ્ટ આધારે નિ.૧૭૯/૧ થી નિ.૧૭૯/૫ સુધીના દસ્તાવેજી આધારો જેમાં દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજો રજુ રાખેલ છે. આંક–૧૮૧ ના લીસ્ટ આધારે નિ.૧૮૧/૧ થી નિ.૧૮૧/૪ સુધીના દસ્તાવેજી આધારો જેમાં દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજો રજુ રાખેલ છે. તથા આં

ક–૧૯૧ ના દસ્તાવેજી લીસ્ટ આધારે નિ.૧૯૧/૧ થી નિ.૧૯૧/૩ સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટના આદેશો રજુ કરેલ છે. તેમજ આંક–૧૯૯ ના લીસ્ટ આધારે નિ.૧૯૯/૧ થી નિ.૧૯૯/૧૧ સુધીના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તથા નિ.૨૨૭ ના લીસ્ટ આધારે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે.

(૬) પ્રતિવાદી નં.૧ તથા ૬ તરફે આંક–૨૬ ના લીસ્ટ આધારે નિ.૨૬/૧ થી નિ.૨૬/૬૪ સુધીના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. પ્રતિવાદી નં.૪ તથા ૫ તરફે આંક–૨૭ ના લીસ્ટ આધારે નિ.૨૭/૧ થી નિ.૨૭/૫૬ સુધીના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તથા પ્રતિવાદી નં .૭ થી ૧૦ તરફે આંક–૨૮ ના લીસ્ટ આધારે નિ.૨૮/૧ થી નિ.૨૮/૩૦ સુધીના દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તથા આંક–૨૨૦ તથા આંક–૨૨૪ ના લીસ્ટ આધારે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે.

(૭) ત્યાર બાદ વાદી તરફે વિ.વ.શ્રી. ડી.સી.પટેલની દલીલ સાંભળવામાં આવેલ છે. તેમજ પ્ર તિવાદી નં.૧, ૪,૬,૭ થી ૧૦ તરફે વિ.વ.શ્રી. અવધુત સુમંત તથા અન્ય પ્રતિવાદી તરફે ૨/૧ થી ૨/૩ તથા ૮ તરફે વિ.વ.શ્રી એન.સી.શાહ તથા પ્રતિવાદીનં.૨/૪ થી ૨/૮ તથા ૩/૨, ૩/૩ , ૮/૪ થી ૮/૭ તથા ૯/૨ થી ૯/૩ તરફે વિ.વ.શ્રી. આર.જે.પુરોહિત ની દલીલો સાં ભળવામાં આવેલ છે. તેમજ વાદી તરફે આંક–૧૯૭ થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ વાદી તરફે આંક–૨૨૬ થી પ્રતિવાદીની દલીલો સંદર્ભે લ ેખિત ખુલાસા રજુ રાખેલ છે તેમજ પ્રતિવાદીઓ તરફે આંક–૨૩૪ થી રજુ લેખિત દલીલ રજુ રાખેલ તે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી. ની દલીલો સાંભળવામાં આવેલ છે. તથા પ્રતિવાદી નં.૧/૩ તથા ૬/૩ તરફે વિ.વ.શ્રી. પી.કે. જાદવની દલીલો સાંભળ

વામાં આવેલ છે.

(૮) ઉપરોકત રજુઆતો સબબ વાદીના આંક–પ તથા પ્રતિવાદીઓની આંક–૧૧૨, ૧૧૩, ૧૧૪ ની અરજીના ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

મુદા નં. ૧ :– શુ વાદીનો પ્રથમદર્શનિય કેસ છે કે પ્રતિવાદીઓનો ?

મુદા નં. ૨ :– શું બેલેન્સઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં છે કે પ્રતિવાદીઓની તરફેણમાં ?

મુદા નં.૩ :– મનાઈ હુકમથી રક્ષણ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને થાય તેમ છે કે પ્રતિવાદીઓને?

મુદા નં.૪ :– શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓના નિર્ણયો હવે પછી કરેલ ચર્ચાના આધારે નીચે મુજબ આપવામાં આવે છે.

મુદા નં. ૧:– વાદી પ્રથમદર્શનિય કેસ બતાવી શકેલ નથી. પ્રતિવાદી તરફે હકારમાં.

મુદા નં. ૨:– પ્રતિવાદીઓની તરફેણમાં.

મુદા નં. ૩:– પ્રતિવાદીઓને.

મુદા નં. ૪:– આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૧૦) ઉપરોકત મુદાઓ એક બીજા સાથે સંકળાયેલ હોઈ તથા પુરાવાનુ પુનરાવર્તન ટાળીશકાય તે હેતુથી મુદા નં. ૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૧૧) હાલની અરજી અન્વયે દલીલ કરતાં વાદી તરફે વિ.વ.શ્રી.ડી.સી.પટેલ જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો તા.૨૭/૧/૨૦૧૧ ના રોજ ફાઈલ કરેલ છે અને દાવા સાથે આંક–પ ની

અરજી પણ કરેલ છે અને પ્રતિવાદીઓને બજવણી થતાં હાજર થયેલ છે અને તા.૩૦/૬/૧૨ ના રોજ પ્રતિવાદી નં.૧, ૪,૫ ,૬, ૧૦ હાજર થયેલ અને જવાબ રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદીએ વાદી વિરૂધ્ધ કાઉન્ટર કલેઈમ રજુ કરેલ છે તથા મનાઈ હુકમ પણ માગેલ છે જેનો વાદીએ કાઉન્ટર જવાબ રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧, ૬, ૭, ૧૦ ના ઓ એ આંક–૬૦ થી તા.૨૧/૯/૧૫ ના રોજ ચાર વર્ષ સી.પી.સી.૭ રૂલ ૧૧ ની અરજી રજુ રાખેલ છે જે તા.૧૦/૧૦/૨૩ ના રોજ નામંજુર થયેલ છે.વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, દાવો વડોદરા સીવીલ કોર્ટમાં દાખલ થયેલો અને ત્યાર બાદ સાવલી કોર્ટમાં હકુમત સ્થાપિત થતાં તબદિલ થઈ આ અદાલતમાં આવેલ છે અને આંક–૦૫ ની સુનાવણી થઈ શકેલ નથી અને ગમેતે સ્ટેજે હાલની અરજી રજુ રાખી શકાય તેવા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાનો આધાર લઈ હાલની અરજી ફાઈલ થયેલ છે તેમજ હાલની અરજી પેન્ડીંગ હતી તે દરમ્યાન પ્રતિવાદી નં.૧, ૬, ૭, ૧૦ ના રોજ મરણ ગયેલા જેથી વાદીએ ફરજીયાત પણે તેઓના વારસો રેકર્ડ પર લાવવા પડેલા અને સુધારા બાદ વારસોએ આંક–૧૨૩, ૧૨૪ થી જવાબો રજુ કરેલ છે જેથી હાલની અરજીની સુનાવણીમાં વિલંબ થયેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૨, ૩, ૮, ૯ નાએ દાવા દરમ્યાન મિલકત વેચાણ કરતાં વાદીએ તેવા ખરીદનારને જોડવા માટે અરજી આપવી પડેલ છે જેમાં સમય પસાર થયેલ છે.

વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, દાવાના પેરા.૪ માં બધા વાદી વતી દાદાભાઈ ને સોપેલાનુ લખેલ છે તેમજ દાવા અરજીના પેરા.૭ માં પ્રતિવાદી નં.૧ તથા બાકીના એક બીજાના ભાઈઓ, નજીકના સગા હોવાનુ લખેલ છે અને પ્રતિવાદી નં.૨, પ્રતિવાદી નં.૧,૩,૪ , ૧૦ ના કુ.મુ. છે. તેમજ નિ.૪/૧૮ થી રજુ સુપ્રિમકોર્ટના હુકમમાં પણ કરારમાં ૧૦ જણા

દર્શાવેલ છે અને જોઈન્ટલી ધારણકર્તા ડીસ્પોઝ કરેલાનુ નોધેલ છે. તેમજ નિ.૪/૧૭ જોતાં બધી જમીનો ૧૩૭૧ ની નોધ થી જે તેના નામે દાખલ કરવામાં આવેલ છે અને તે નોધ જોતાં પણ બધો વહીવટ રમણભાઈએ કરેલ હોવાનુ જણાય છે. વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, દાવા અરજીના પેરા.૧૦ માં સુપ્રિમકોર્ટની કાર્યવાહીમાં થતો ખર્ચ વાદીએ ઉઠાવેલ છે અને તે ચુકાદા બાદ દસ્તાવેજ કરવાનો હોવાનુ જણાવેલ છે તેમજ અવેજની ૫૦ % રકમ ચુકવે તો કબજો સોપશે તેવુ નકકી થયેલ અને રૂા.૪૨,૦૦,૦૦૦/- ચુકવી આપેલા તેની લ ેખિત પાવતી પ્રતિવાદી નં.૧ ના કર્મચારીએ આપેલ છે તેમજ ડીમાન્ડ ડ્રાફ્ટથી પણ નાણાં ચુકવેલ છે જેથી વિગતો દાવામાં જણાવેલ છે તેમજ તા.૪/૭/૦૬ નારોજ કબજો વાદીએ સં ભાળી લીધેલ છે અને મહેસુલ વાદીએ ભરેલ છે તે રજુ કરેલ છે જેથી મૌખિક કરારની તમામ શરતો પરિપુર્ણ થાયેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, નામદાર સુપ્રિમકોર્ટે નામદાર હાઈકોર્ટનો હુકમ સેટેસાઈડ કરેલો અને મામલતદારને ખરીદનાર ૧૦ વ્યકિત ખેડુત છે કે કેમ તે નકકી કરી કાયદા મુજબ હુકમ કરવો તેવો હુકમ કરેલો. તેમજ સુપ્રિમકોર્ટ નો હુકમ જોતાં તેમાં મામલતદારે તા.૫/૧૧/૭૬ ના રોજ નોટીસ આપેલ તેમાં ૧ એકર ૩૧ ગુંઠા જમીન થાય જેથી પ્રતિવાદી ની રજુઆત મુજબ તમામ જમીન સરકાર દાખલ થયેલ નથી. જમીન કોઈ પણ તબકકે સરકાર દાખલ થયેલ નથી મામલતદારે કાયદેસરની કાર્યવાહી અનુસરવાની છે અને જમીન લ ેવામાં આવે તો કોમ્પનશેસન ચુકવવુ પડે અને ખેડુતની પસંદગી મુજબની જમીન લેવાની રહે છે તેમજ જો જમીન લીધેલ હોત તો વળતર ચુકવેલ હોત. વધુમાં વિ.વ.શ્રી દલીલ કરેલ છે કે, મામલતદારનો હુકમ આખરી નથી અને તમામ કોર્ટોએ મામલતદાર ના હુકમ વિરૂધ્ધ સ્ટે આપેલ છે. તેમજ નિ.૪/૫૪ સુપ્રિમકોર્ટના વકીલની ફીના ડ્રાકટની કોપી રજુ કરેલ છે. તેમજ

નિ.૪/૫૪ થી જમીન વેચાણ બાબતે પ્રતિવાદીએ આપેલ નોટીસ જે ૧૦ જણા ભેગા થઈ દિવ્યભાસ્કરમાં આપેલ છે અને ઉપરોકત નોટીસથી વાદીને વેચાણનો ઈન્કાર થતાં વાદીએ હાલનો દાવો કરવો પડેલ છે. આમ વાદીઓએ દાવાવાળી જમીનો સંદર્ભે પુરેપુરો અવેજ ચુકવેલ છે અને તેની પાવતીઓ રજુ રાખેલ છે. તેમજ વાદી કબજો ધરાવી ખેતી કરતા આવેલ છે જે કોર્ટકમિશ્નરના પંચનામા માં પણ જણાવેલ છે પ્રતિવાદીઓએ તેઓના જવાબમાં ફકત ઈન્કાર કરેલ છે તે સિવાય અન્ય કોઈ હકીકતો જણાવેલ નથી. તેમજ ચાલુ દાવે કેટલીક જમીનો વેચાણ કરેલ છે જેથી જો પ્રતિવાદીઓને વેચાણ કરતા અટકાવવામાં ન આવે તો વાદીના કબજાને અસર થાય તેમ છે. તેમજ પ્રતિવાદીઓ કબજો ધરાવતા નથી જેથી પ્રતિવાદી ઓ ને કોઈ નુકશાન પ્રેજયુંડાઈશ થાય તેમ નથી. જેથી વાદીની તરફેણમાં માગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવા તથા પ્રતિવાદીઓની અરજીઓ નામંજુર કરવા જણાવેલ છે .

વાદી તરફે વિ.વ.શ્રી. ડી.સી.પટેલ પ્રતિવાદીઓની દલીલના ખુલાસા કરતાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓ એ ખુબ લાંબી દલીલ કરેલ છે જે પોતે વાદીનો સારો કેસ હોવાનુ બતાવે છે. તેમજ આંક–૬૦ થી દાવા અરજી રીજેકટ કરવાની અરજી નામંજુર થયેલ છે જે હુકમ વિરૂધ્ધ પ્ર તિવાદીઓ રીવીઝન કરેલ છે જેમાં કોઈ સ્ટે આપવામાં આવેલ નથી. તે અરજીની સુનાવણીમાં મૌખિક કરાર બાબતે દલીલ કરવામાં આવેલ જે સ્વીકારવામાં આવેલ નથી જેથી હાલની દલીલ ચાલી શકે નહી. તેમજ કરારના કાયદામાં મૌખિક કરારની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને દલીલમાં મૌખિક કરાર થયેલ છે તેવુ પ્લીડીંગ કરેલ નથી તેવુ જણાવેલ છે, પરંતુ તે લખવુ જરુરી નથી અને આખો દાવો જોતાં કરાર થયેલ હોવાનુ જણાઈ આવે છે. મૌખિક કરારની આવશ્યકતા જણાવેલ છે અને પ્રતિવાદીની જરુરીયાત મુજબનુ પ્લીડીંગ હોઈ શકે નહી

તેમ જણાવેલ છે. વધુમાં હાલના તબકકે ત્રણ તત્વો જોવાના છે દાવાનો આખરી નિકાલ જોવાનો નથી. તેમજ પ્રતિવાદીઓએ દાવા જવાબમાં ડીનાયલ સિવાય કંઈ જણાવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, ચંદુભાઈ મગનભાઈ તા.૩૧/૧૦/૭૫ ના રોજ મરણ ગયેલ છે, ચંચળબેન ચંદુભાઈ તા.૫/૭/૮૨ ના રોજ મરણ ગયેલ છે, ઉર્મિલાબેન રમણભાઈ તા.૮/૧/૧૯૯૧ ના રોજ મરણ ગયેલ છે, નારણભાઈ ભાઈલાલભાઈ તાા.૩૦/૧ ૦/૦૪ ના રોજ મરણ ગયેલ છે, જશુબેન નવિનભાઈ તા.૪/૬/૦૮ ના રોજ અને ભાગીરથીબેન નારણભાઈ તા.૨/૧૦/૦૯ ના રોજ મરણ ગયેલ છે. મનુભાઈ ભાઈલાલભાઈ તા.૨૮/૧૧/૧૪ ના રોજ, ગીરીશભાઈ ચંદુભાઈ તા.૧/૧૧/૧૬ ના રોજ નવિનભાઈ બાપુભાઈ તા.૧૭/૨/૧૭ ના રોજ, રમણભાઈ ભાઈલાલભાઈ તા.૬/૨/૧૯ ના રોજ અને મુદુલાબેન ગીરીશભાઈ તા.૩૦/૧૨/૨૧ ના રોજ મરણ ગયેલ છે જેથી વારસો રેકર્ડ પર લાવવામાં આવેલ સુધારેલ દાવા અરજી રજુ કરવામાં આવેલ ત્યાર બાદ તેના જવાબ વિગેરે કાર્યવાહીમાં વિલંબ થયેલ છે. તેમજ પ્રતિવાદી તરફે લોપાબેનને કરાર બંધન કર્તા નથી તેવુ જણાવેલ છે, પરંતુ પ્ર.વા.૧૦ નારણભાઈ ભાઈલાલભાઈ પટેલ ના વારસ લોપાબેન છે નારણભાઈએ વીલ કરીને તના પત્ની ભાગીરથીબેનને આપેલ અને ભાગીરથીબેન મરણજતાં લોપાબેન આવેલ છે. જશુબેન ગીરીશભાઈના બેન છે અને પરીખમાં લગ્ન કરેલ છે.જેથી તા.૪/૭/૦૯ માં ભાગીરથીબેન પાસેથી કબજો લેવાનો હતો લોપાબેન પાસેથી નહી જેથી. નિ.૫૦/૮૦ થી લોપાબેનનુ પાવરનામુ છે જે રમણભાઈ ભાઈલાલને પાવર આપેલ છે તેમજ નિ.૫૦/૯૮ થી ગીરીશભાઈએ પાવર આપેલ તે રજુ છે તેમજ ૫૦/૯૯ થી મનુભાઈએ ગીરીશભાઈને પાવર આપેલ છે. તેમજ સુપ્રિમકોર્ટમાં મેટર પેન્ડીગ હતી ત્યાર બાદ

દસ્તાવેજો કરવાના હતાજેનો ખર્ચવાદીએ ચુકવવાનો હતો. તેમજ પ્રતિવાદીઓ જમીન માલીક નહતા તેવી દલીલ થયેલ છે, પરંતુ જમીન સરકારશ્રી ખાતે થયેલ હોય તેવો હુકમ કે દસ્તાવેજ નથી અને સુપ્રિમકોર્ટ સુધી સ્ટે આપવામાં આવેલ છે જેથી પ્રતિવાદીઓ કરાર કરવા હકકદાર હતા.તેમજ પ્રતિવાદીએ નાણાં સ્વીકારેલ તેનો પુરાવો નિ.૨૬/૧ થી ૨૬/૩ સુધી રજુ કરેલ છે. તેમજ જવાબમાં પ્રતિવાદીએ રમણભાઈ તેઓના કર્મચારી હોવાનુ સ્વીકારેલ છે. તેમજ લોપાબેનની વારસાઈમાં પણ હસમુખભાઈની સહી છે. નિ.૫૦/૭૪ માં ગીરીશભાઈની સહી છે નિ.૫૦/૭૪ થી રમણભાઈની સહી છે જેથી વાદીએ પુરતા દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ સુપ્રિમકોર્ટના વકીલને ફી ચુકવેલ તે નિ.૪/૫૪ થી રજુ કરેલ છે. તેમજ લોપાબેનના ડ્રાફટ હસમુખભાઈએ સ્વીકારી સહી કરી આપેલ છે અને જમીનની કિંમત વધતાં તેવા ડ્રાફટ જમા કરાવેલ નથી અને વધારાના પૈસા આપવાની વાદીએ ના પાડેલ. આજની તારીખે પણ ડ્રાફટના નાણાં બેંકમાં પડેલ છે. જો કરાર નહોય તો વાદીએ તેવા નાણાં ઉપાડી લીધેલ હોત.તેમજ પુરાવા ધારાની કલમ–૮૫ મુજબ નોટરી સમક્ષનો દસ્તાવેજ બાબતે અનુમાન થઈ શકે જેથી લોપાબેનનુ પાવરનામુ અમેરીકામુકામે થયેલ છે જેથી રમણભાઈ એ કરેલ કૃત્ય લોપાબેનને બંધનકર્તા છે. નિ.૫૦/૧૦૦ તથા નિ.૫૦/૧૦૧ પ્રતિવાદી નં.૨ ને દાવાનો સમન્સ બજતાં વાદીને કુરીયરથી મોકલી આપેલ છે તે રજુ કરેલ છે. વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, પાવર આપેલ હોય ત્યારે માનવુજ પડે કે અવેજ સ્વીકારી કરાર કરેલ છે. તેમજ નોધનં.૧૩૦૧ થી બધા પ્રતિવાદીના નામ દાખલ થયેલ છે. નિ.૪/૧ તથા નિ.૪/ ૨ જોતાં છેલ્લે સુધી બધા પ્રતિવાદીઓ ભેગા હતા. વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, વેચાણ કરારમાં સં પુર્ણ અવેજ ચુકવવો જરુરી નથી પ્રતિવાદી નં.૧, ૨ કરાર માટે સક્ષમ હતા. તેમજ ડ્રાફટથી પેમેન્ટ

કરેલ હોય તો તે રોકફમાં ચુકવેલ ગણાય. વધુમાં જણવેલ છે કે, ૫૦% પેમેન્ટ કરતાં કબજો વાદીને સોપેલ છે ત્યાર બાદ જમીનના મહેસુલ શિક્ષણ ઉપકર વાદીએ ભરેલ છે જેથી પહોચો રજુ કરેલ છે. જે પંચકયાસમાં પણ કબજો વાદીનો આવેલ છે. તેમજ પ્રતિવાદી જમીન ખેડી ઉપજ લીધેલ હોય તેવુ જણાવતા નથી. જો કરાર નહોય તો વાદીને મહેસુલ ભરવાની શું જરુર પડે. દાવામાં ટ્રાયેબલ ઈસ્યુ છે જેથી મિલકતની સ્થળસ્થિતીનુ રક્ષણ થવુ જોઈએ તેમ જણાવેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે વૈકલ્પિક દાદ માગવી કે નહી તે વાદીનો અધિકાર છે. તેમજ રેમન જીલેટીનમાં રકમ જમા લીધેલ હોવાનુ પ્રતિવાદી જણાવતા હોય ત્યારે તેવી કંપનીનુ અસ્તિત્વ નથી તેવુ કહી શકાય નહી. તેમજ ચેમ્પર્ટીનો કાયદો ભારતમાં લાગુ પડતો નથી. જેથી પ્રતિવાદીની દલીલ સ્વીકારી શકાય નહી અને વાદી પ્રથમદર્શનિય કેસ બતાવી શકેલ હોઈ વાદીની અરજી મંજુર કરવા તથા પ્રતિવાદીની અરજી નામંજુર કરવા જણાવેલ છે. તેમજ વાદી તરફે આંક–૨૨૬ થી પ્રતિવાદીની દલીલો સંદર્ભે લેખિત ખુલાસા રજુ રાખવામાં આવેલ છે.

તેમજ પ્રતિવાદીઓની દલીલ પુર્ણ થતાં વાદી તરફે પ્રોકસી વિ.વ.શ્રી. કાલા દલીલોનો ખુલાસો કરતાં જણાવેલ છે કે, પ્રતિવાદીના કથન મુજબ રેમન જીલેટીનમા ઈન્વેસ્ટ કરેલ હોય તો પ્રતિવાદીએ સીધો કંપનીના નામનો ચેક આપેલ હોત જેથી તે દલીલ સ્વીકારી શકાય નહી. તેમજ ભાગીરથીબેન લોપાબેનની માતા હતા તેમજ રમણભાઈ ગુજરી જતાં તેઓની મિલકત પણ લોપાાબેનને મળેલ છે. જેથી વાદીઓએ ભાગીરથીબેનને પૈસા શુ કામ ચુકવેલ હોત જેથી પણ અવેજના પૈસા ચુકવેલ છે. તેમજ પ્રતિવાદીઓ ના.સુપ્રિમકોર્ટમાં જાતે લડેલ હોય તેવુ કથન નથી. તેમજ ડ્રાફટની કિંમત જમીનની કિંમત મુજબના છે જેથી આટલી મોટી રકમ કોઈ વ્યકિત બીજી વ્યકિતને જણાવેલ કરાર સિવાય શુ કામ આપે જેથી પણ કરાર થયેલ છે. તેમજ પ્ર

તિવાદીઓના પાવરનામા વાદીઓના કબજામાં કેવી રીતે હોય જેથી પણ કરાર હોવાનુ માનવાને કારણ રહે છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, જો દાવાના અંતે વાદી કરાર પાલન માટે હકકદાર બને તો અને જો મિલકત વેચાણ થઈ ગયેલ હોય તો તેવા સંજોગોમાં ડીક્રી પાલન થઈ શકે નહી અને નવી તકરારો ઉભી થાય જેથી તેવા સંજોગોમાં પણ પ્રતિવાદીઓને ટ્રાન્સફર કરતાં અટકાવવા જરુરી છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, પ્રતિવાદી તરફે વાદીએ બોગસ પુરાવા રજુ કરેલ હોવાની દલીલ કરેલ છે, પરંતુ આજદિન સુધી વાદીઓ વિરૂધ્ધમાં તે બાબતે કોઈ ફરીયાદ કરેલ નથી જેથી જો ખોટુ હોત તો જરુરથી ફરીયાદ કરેલ હોત જેથી વાદીની અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૧૧/૧)જયારે પ્રતિવાદીનં.૧, ૪, ૬, ૭ થી ૧૦ તરફે વિ.વ.શ્રી. અવધુત સુમંત નાઓ કુલ સાત તબકકામાં ખુબ જ લંબાણપુર્વક દલીલ કરવામાં આવેલ છે તેમજ વાદીની દલીલ બાદ તે સંદર્ભે મૌખિક ખુલાસા કરેલ છે તે સાંભળવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આંક-૨૩૪ થી લેખિત દલીલ રજુ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. વિ.વ.શ્રી.સુમંત મૌખિક દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીએ હાલના દાવામાં ઓરલ એગ્રીમેન્ટ હોવાનુ સ્વીકારેલ છે. વધુમાં વિ.વ.શ્રી. સી.પી.સી.ના એપેન્ડીક્ષ 'એ' ના ફોર્મ નં.૪૭, ૪૮ મુજબ દાવામાં મૌખિક કરારની મહત્વની વિગતો આપવી જોઈએ જે વાદીએ આપેલ નથી. તેમજ સ્પેશીફીક રીલીફ એકટની કલમ-૩૬ તથા ૩૭ જોતાં દાદ અદાલતની વિવેકબુધ્ધિ પર છોડવામાં આવેલ છે અને વાદીએ કાયદામાં જણાવ્યા મુજબ ઈકવીટી બતાવવાની રહે છે . વધુમાં વિ.વ.શ્રી. મનાઈહુકમના ત્રણ તત્વો જણાવેલ છે અને વાદી અને જમીન વચ્ચેનો સબંધ જોવો પડે તેમ જણાવેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, વાદીના દાવા અરજીના પેરા.૧ થી ૩ ની હકીકત

જોતાં વાદીએ જમીન રોકાણ કરવા માટે ખરીદતા હોવાનુ જણાઈ આવે છે. તેમજ વાદીએ દાવામાં કોમ્પેનશેસનની દાદ માગેલ નથી જેથી જો માગેલ નહોય તો મળી શકે નહી. તેમજ વાદીને મનાઈ હુકમના અભાવે નુકશાન થાય તેવુ કોઈ પ્લીંડીંગ નથી અને પ્રતિવાદીની માલીકીની મિલકત પરત્વે મનાઈ હુકમ બાબતે મજબુત કેસ બતાવો પડે. તેમજ દાવાવાળી મિલકતમાં વાદીનુ કોઈ હિત હોય તેવુ કોઈ પ્લીંડીંગ નથી. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, કરારના કાયદાની કલમ–ર (એ), ર(બી), ર(ઈ), ર(એફ) ર(એચ) માં જણાવ્યા મુજબ કરાર બાબતે બે વ્યકિતઓનો સબંધ સ્થાપિત થતો નથી જેથી કાયદા મુજબનો કરાર નથી કે મૌખિક કરાર હોય તો પણ વાદીએ તેની શરતો જણાવેલ નથી કે ટી.પી.એકટની કલમ–પ૪ મુજબ મિલકતનો કોઈ અધિકાર વાદીને મળતો નથી. જેથી કરાર થી મિલકતમાં કોઈ હકક હિત અસ્તિત્વમાં આવે નહી. દાવા અરજીમાં વાદીએ મૌખિક કરાર તેવુ પણ જણાવેલ નથી. દાવા અરજીના પેરા.૯ માં પ્રથમ પાંચ લીટીમાં કઈ તારીખે તે જણાવેલ નથી અને પેરા.૪ માં વાદીઓ વચ્ચે નકકી થયેલાનુ જણાવેલ છે અને બધા વાદીઓ વતી વડીલ વાદી નં.૧ નાઓએ કરવાનુ નકકી કરેલ તેમ જણાવેલ છે તેમજ બધા પ્રતિવાદીઓ વતી ૧ અને ર સાથે નકકી થયેલાનુ જણાવેલ છે જેથી કરારના કાયદા મુજબ એક વ્યકિત બીજી વ્યકિતને પોતાનો ઈરાદો વ્યકત કરે તે માટે બે વ્યકિતઓની ભૌતિક હાજરી જરુરી છે જયારે હાલના દાવામાં તમામ વાદીઓ અને તમામ પ્રતિવાદીઓ વચ્ચે થયેલ નથી જેથી પ્રતિવાદી નં.૧, ર અને વાદી નં.૧ વચ્ચે શુ નકકી કરેલ તેવો કરાર બધા વતી કોઈ સબંધ ઉત્પન્ન કરી શકે નહી કારણ કે દાદા ભાઈએ શુ કરેલ તે બધા વાદીઓ જાણતા નથી જેથી કરાર ઉભો થઈ શકે નહી. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, દાવામાં દાદાભાઈ કોઈ ચોકકસ તારીખે મળેલ હોય કે કરેલ કાર્યવાહી બાબતે પક્ષનિવેદન

કરેલ નથી. વાદીએ કરારના કાયદાના આવશ્યક તત્વો જણાવેલ નથી કે તમામ વાદી અને તમામ પ્રતિવાદી સાથે કરારના આવશ્યક તત્વો ઉભા થતા નથી જેથી કાયદેસર કરાર અસ્તિત્વમાં આવતો નથી અને વાદીએ ફકત વાદી નં.૧ અને પ્રતિવાદી નં.૧, ૨ વચ્ચે કરાર જણાવેલ છે અને તમામ વાદી અને તમામ પ્રતિવાદી વચ્ચે કરાર થયેલ હોય તેવુ પક્ષનિવેદન નથી. વધુમાં વિ.વ.શ્રી. ભારપુર્વક જણાવેલ છે કે, બધા વાદી તથા બધા પ્રતિવાદીઓ વચ્ચે પ્રપોઝલ અને સ્વીકૃતી નથી જેથી કરાર ઉત્પન્ન થતો નથી. તેમજ તા.૨૫/૧/૦૬ પહેલાં કરાર અંગે શું કાર્યવાહી થયેલ તે તથા ચોકકસ તારીખ જણાવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, નિ.૪/૩૬ ની જાહેર નોટીસ રજુ કરેલ છે જે રમણભાઈ ભાઈલાલભાઈએ આપેલ હોવાનુ જણાવેલ છે, તેમજ નિ.૩/૩૭ થી ટાઈટલ કલીયરન્સ રજુ કરેલ છે જે વાદીએ આપેલ હોય તેવુ જણાતુ નથી. તેમજ ટાઈટલમાં સરકારને પરવાનગી તથા ના.સુપ્રિમ કોર્ટની કાર્યવાહીને આધિન આપેલ છે જેથી જે તે સમયે મિલકત ના માલીકી પાવરનુ અસ્તિત્વ નહતુ જેથી પણ કરાર થઈ શકે નહી. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, દાવાના પેરા.૧૦ માં પ્રતિવાદી નં.૧ ના કર્મચારી હસમુખભાઈને ચુકવેલા તેવુ જણાવેલ છે, પરંતુ વાદીએ નિ.૧૯૯/૭ થી રજુ કરેલ પુરાવો જોતાં આવા ડી.ડી. રીયલાઈઝડ થયેલ નથી અને પેન્ડીંગ રહેલ છે તેમજ આવો પુરાવો વાદીએ પાછળથી રજુ કરેલ છે. તેમજ નિ.૪/૪૯ માં અવેજ ચુકવેલ હોવાનુ વાદી જણાવે છે તેમાં વાદી તરફથી મળેલ છે તેવુ લખેલ નથી, જમીન કે ડી.ડી. નંબરનો તેમાં ઉલ્લેખ નથી કે પ્રતિવાદીએ તે રીસીવ કરેલ નથી. તેમજ તા.૨૩/૬/૧૦ ના રોજ કંપનીની ઓફિસે આપેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ કંપની અલગ વ્યકિત છે તેમજ ૨૨/૬/૧૦ ના રોજ રૂા.૯,૭૪,૦૦૦/– નો ડીડીનો તેમાં ઉલ્લેખ નથી. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, વાદી

પુરેપુરો અવેજ ચુકવેલાનુ જણાવેલ છે, પરંતુ પૈસાનો વ્યવહાર કોની વચ્ચે કયારે થયેલ તે જણાવેલ નથી. તેમજ મૌખિક કરાર કયારે થયેલ તે લીમીટેશન માટે જણાવવુ પડે જે વાદી જણાવેલ નથી તેમજ સુપ્રિમકોર્ટનો નિર્ણય આવેથી દસ્તાવેજ કરવાનુ જણાવેલ છે જેથી ના.સુપ્રિમકોર્ટના આદેશ અગાઉ થયેલ કરાર ગેમ્બલીંગ પ્રકારનો કરાર છે.તેમજ દાવાના કારણમાં ૨૫/૧/૦૬ લખેલ છે, પરંતુ ચોકકસ સમય ગાળો વાદી જણાવતા નથી. તેમજ દાદમાં પણ વાદી કરારના વિશેષ અમલ શબ્દો વાપરેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, વાદી ખુદ તેઓની દાવા અરજીમાં પ્રતિવાદીઓ અલગ અલગ જમીનોના સ્વતંત્ર માલીક હોવાનુ જણાવેલ છે જેથી ટી.પી.એકટની કલમ–૮ મુજબ કરાર માટે સક્ષમતા જોતાં કયા વાદીએ કયા પ્રતિવાદી સાથે મિલકત વેચાણનુ વચન આપેલ તે વાદી જણાવેલ નથી અને દાવા અરજીમાં પ્રતિવાદીઓ માત્ર એક બીજાના સગા હોવાથી મિલકત ટ્રાન્સફર કરવા સક્ષમ બને નહી. તેમજ પ્રતિવાદી નં.૧,૩,૪ ના કુ.મુ. ગીરીશભાઈ હોવાનુ જણાવેલ છે, પરંતુ પાવરનામુ રજુ થતુ નથી. વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, રેમન્ડ જીલેટીન નામની કંપનીનુ કોઈ અસ્તિત્વ નથી તેમજ કર્મચારી હસમુખભાઈને જમીનનો વહીવટ કરતા હોવા બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીએ અવેજ બાબતે ડી.ડી. આપેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ આવા ડીડી. રીયલાઈઝડ થયેલ કે કેમ તેવુ કોઈ કથન દાવામાં કરેલ નથી અને કેટલાક ડીડી અનરીયલાઈઝડ રહેલ તેવો પુરાવો પાછળથી રજુ કરેલ છે જયારે દાવામાં પુરેપુરો અવેજ ચુકવી આપેલાનુ જણાવેલ છે. તેમજ નિ.૪/૧ ની સમજુતી નિ.૪/૨ નો વહેચણ લેખ નિ.૪/૭ થી રજુ રેવન્યુ રેકર્ડ તથા નિ.૪/૧૭ ની નોધ જોતાં તમામ પ્રતિવાદીઓ જુદી જુદી

જમીનના સ્વતંત્ર માલીક બનેલ છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, દાવાના પેરા. ૧૦ માં ૨૫/૨/૦૬ સુધીમાં કુલ રૂા. ૪૨,૦૦,૦૦૦/– ચુકવી આપેલ અને પાવતી હસમુખભાઈ એ આપેલ જે નિ.૪/૪૮ ની પાવતીમાં કોના વતી સ્વીકારેલ તેવુ જણાવેલ નથી વાદીએ આપ્યા તેવુ જણાવેલ નથી કે વાદીની સહી નથી. તેમજ નિ.૪/૫૦ ની પાવતી માં કયા વ્યવહાર પેટે મળેલ તે જણાવેલ નથી તેમજ ગીરીશભાઈની સહી છે તેવુ લખેલ નથી. તેમજ નિ.૪/૪૯ થી ડી.ડી. મળ્યાની પાવતીમાં ડી.ડી. નંબર લખેલ નથી તેમજ કંપની વતી સ્વીકારેલ છે જેથી અવેજ પેટેના હોય તેવુ જણાઈ આવતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, આંક–૧૬ થી રજુ જવાબમાં પ્રતિવાદીએ કન્ટીજન્ટ, વોઈડ કોન્ટ્રાકટ લખેલ છે અને વાદી દાવાઅરજીના પેરા.૯ માં સુપ્રિમકોર્ટમાં ૪ ૪૨૦/૦૪ ની કાર્યવાહી ચાલુ હોવાનુ જણાવેલ છે તે યુ.એલ.સી. હેઠળની કાર્યવાહી સબંધે હતી જેમાં તા.૩૦/૪/૧૯૮૩ ના રોજ તેવા કાયદા મુજબ જમીન તબદિલ થઈ શકે તેમ નહતી મામલતદારશ્રીએ ૧૯૭૬ માં નોટીસ કાઢેલ જેથી જમીન સરકાર ખાતે હતી અને મામલતદારના હુકમ વિરૂધ્ધ નામદાર હાઈકોર્ટમાં ગયેલ અને ત્યાર બાદ ના.સુપ્રિમકોર્ટમાં ગયેલ અને સને.૨૦૦૮ માં સુપ્રિમકોર્ટે હુકમ રદ કરેલો જેથી પ્રતિવાદીઓ સને.૨૦૦૮ પહેલાં જમીન તબદિલ કરી શકવા કે વેચાણ કરી શકે તેવી પરિસ્થિતીમાં નહતા તેમજ અદાલતના ચુકાદા પર આધારિત કરાર કે કોર્ટના પ્રોસીડીગ્ઝ, વકીલખર્ચ પર પૈસા લગાડવા તે ચેમ્પર્ટી સ્વરૂપનો કરાર છે જેનો અમલ થઈ શકે નહી. તેમજ સુપ્રિમકોર્ટના આદેશ બાદ તા.૨૯/૪/૨૦૧૧ ના રોજ મામલતદારનો હુકમ થયેલ અને ગ.ધા.ક.ની નોટીસ પરત ખેચેલ ત્યાર સુધી મિલકત તબદિલ થઈ શકે તેમ નહી.

વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીએ તેઓના આંક-૪૭ ના કાઉન્ટર એફીડેવિટમાં પ્રતિવાદીની સંમતિથી દાવાવાળી જમીનનુ ટાઈટલ કલીટર મેળવવાનુ જણાવેલ છે જે સંમતિનો દાવામાં ઉલ્લેખ કરેલ નથી તેમજ પેરા. ૨૧ માં દાવો વિષેશ અમલનો હોવાનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ દાવામાં કરારના વિશેષ ઉલ્લેખનો હોવાનુ જણાવતા નથી તેમજ રીજોઈન્ડરમાં પ્રતિવાદી કરાર સ્વીકારતા હોવાનુ જણાવેલ છે, પરંતુ પ્રતિવાદી એ કરારનો સ્વીકાર કરેલ નથી. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, ઉર્મિલાબેન રમણભાઈ પ્ર તિવાદી નં.૬ છે તે તા.૮/૧/૧૯૯૧ માં દાવા અગાઉ મરણ ગયેલ છેતેમજ પ્રતિવાદી નારણભાઈ પટેલ પણ ૨૦૦૪ માં દાવા અગાઉ મરણ ગયેલ છે તેમજ ભાગીરથીબેન ૨૦૦૯ માં મરણ ગયેલ છે તેઓની સાથે કરાર કઈ રીતે કરેલ અવેજ કઈ રીતે ચુકવી શકેલ હોય તેમજ દાવામાં તેઓ મરણ ગયેલ હોય તેવુ વાદી જણાવતા નથી. તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૮૨ તથા ૮૫ ની જોગવાઈઓ ધ્યાને લેતાં ડીમાન્ડ ડ્રાફ્ટ બેંકર્સ ચેક કહેવાય અને તે રીયલાઈઝ થાય ત્યારે જવાબદારી ડીસ્ચાર્જ થાય જયારે હાથ ઉપરના કેસમાં ડીમાન્ડ ડ્રાફ્ટ રીયલાઈઝ થયેલ નથી જે અવેજનો અભાવ બતાવે છે. તેમજ નિ.૪/૫૪, ૪/૫૫ હેમા દુધવાલાએ પી.એચ.પારેખને લખેલ છે તેમજ તેમાં રેફરન્સ ૭૧૫ દર્શાવેલ છે સુપ્રિમકોર્ટનો કેસ નં.૪૪૨૦ નો ઉલ્લેખ થયેલ નથી જેથી હેમાબેને વાદી વતી ચુકવેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં વિ.વ.શ્રી.દલીલ કરેલ છે કે આંક-૪૭ માં વાદી તા.૪/૭/૨૦૦૬ ના રોજ કબજો સોપેલ તેવુ જણાવેલ છે, પરંતુ દાવામાં આવી તારીખ જણાવતા નથી પરંતુ કબજો કયા પ્રતિવાદીએ કઈ રીતે સોપેલ તે જણાવેલ નથી કે કબજા બાબતે ડેકલેરેશન રજીસ્ટર્ડ કરાવી શકેલ હોય તે કરેલ નથી કે કબજા પાવતી પણ રજુ થતી નથી. તેમજ ટી.પી.એકટની કલમ.૮ માં કન્સેપ્ટ ઓફ

પઝેશન ની જોગવાઈ છે જેમાં કબજાના આવશ્યક તત્વો જણાવેલ છે. જયારે પ્રતિવાદી માલીક કબજેદાર છે. તેમજ ટી.પી.એકટની કલમ–પ૪ મુજબ કરાર મિલકત પરત્વે કોઈ અધિકાર ઉભો કરતો નથી. તેમજ કોર્ટ કમિશ્નરનુ પંચનામુ થયેલ છે તે પ્રતિવાદીની ગેરહાજરીમાં થયેલ છે અને તેમાં કોઈ પટેલ ખેતી કરતા હોવાનુ જણાવેલ છે, પરંતુ ખુલ્લી જમીનના કબજા માટેના પરિબળો વાદી બતાવી શકતા નથી.

વધુમાં વિ.વ.શ્રી. દલીલ કરતાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ અવેજ ના ડ્રાફ્ટનહી મળેલાનુ અને વાદીએ બનાવટ કરેલાનુ જવાબ તથા કાઉન્ટર કલેઈમમાં જણાવેલ છે જેથી અવેજનો અભાવ કરારના અસ્તિત્વ પર સવાલ ઉભો કરે છે. તેમજ પ્રતિવાદીઓ મરણ ગયેલ હોઈ વાદી જણાવે છે તેવી તારીખે કોણે, કઈ રીતે,કોના પાસેથી કબજો સોપેલ તે જણાવેલ નથી કે કબજા બાબતે કોઈ કાગજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં વિ.વ.શ્રી. જણાવે છે કે, સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ મુજબ વાદીને કરાર પાલનના વિકલ્પે વળતરની દાદ માગેલ નથી જેથી વળતરની દાદ માગેલ નહોય તે મળી શકે નહી જેથી બીજી કોઈ અસરકારક રેમીડી ઉપલબ્ધ હોય તો મનાઈ હુકમ મળી શકે નહી જે વાદીએ દાદ માગેલ નથી. તેમજ પ્રતિવાદીની કાઉન્ટર મનાઈ અરજી આંક–૧૧૨, ૧૧૩ તથા ૧૧૪ માં વાદી પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં હરકત કરે કરાવે નહી તેવી દાદ માગેલ છે. તેમજ પ્રતિવાદી માત્ર પંચનામા પર આધાર રાખે છે જયારે પ્રતિવાદીનો કબજો ટાઈટલ આધારિત છે અને રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓ નુ નામ કબજેદાર તરીકે ચાલે છે તેનાથી વિરૂધ્ધ વાદી પોતાનો કબજો હોવાનુ જણાવતા હોય ત્યારે વાદીએ તેવી હકીકત પ્રથમદર્શનિય રીતે બતાવવાનુ રહે છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, બે વ્યકિત જમીન પર હોય અને કબજો કલેઈમ કરતા હોય તો ટાઈટલ ધરાવનાર વ્યકિત નો

કબજો ગણાય અને અન્ય વ્યકિત ટ્રેસપાસર ગણાય. તેમજ પ્રતિવાદીએ પોતાના જવાબ માં લોપાબેન વિદેશ હોવાનુ જણાવેલ છે અને આજરોજ તેણીના પાસપોર્ટની કોપી રજુ કરેલ છે તેમાં તા.૧/૫/૦૬ ના રોજ તેણી મુંબઈથી ડીપાર્ટ થયેલ છે અને તા.ર/૫/૦૬ નારોજ હિથ્રો એરપોર્ટ પહોચેલ છે અને તા.૧૧/૭/૦૬ નરોજ તેણી કેનેડામાં હતા જેથી લોપાબેને કઈ રીતે કબજો સોપેલ તે વાદી બતાવી શકેલ નથી. તેમજ નિ.૫૦/૮૦, ૫૦/૯૮ તથા ૫૦/૯૯ વાદી તરફે રજુ થયેલ છે તે પાવર ઓફ એટોર્ની માં ૫૦/૯૦ તા.૧૮/૧૧/૧૯૭૭ ના રોજ નો છે જે જમીન ખરીદ કરેલ તે અગાઉનો છે અને તેમાં સરનામુ મુંબઈનુ લખેલ છે જયારે હાલના દાવામાં અલગ સરનામા બતાવેલ છે. નિ.૫૦/૯૮ તા.૭/૧ર/૧૯૭૭ ના રોજનો છે તથા નિ.૫૦/૮૦ જોતાં તે મામલતદારમાંથી ત.ર૦/૧/૧૧ ના રોજ નકલ મેળવેલ છે પરંતુ વાદી પ્લીંડીગમાં આ પાવર અંગે કોઈ હકીકતો જણાવતા નથી. તેમજ વાદી તરફે નિ.૫૦/૭૩ થી રજુ થયેલ દસ્તાવેજ કોના હસ્તાક્ષરમાં છે તે વાદી જણાવતા નથી તેમજ પ્રતિવાદીએ રમણભાઈના કુદરતી લખાણ રજુ કરેલ છે તેની સાથે મળતા આવતા નથી જેથી વાદીએ ઉભો કરેલ દસ્તાવેજ રજુ કરેલ છે તેમજ તેવો દસ્તાવેજ તા.૧૦/૪/ર૦૧૧ ના રોજ નો એટલે કે દાવા બાદનો છે અને પ્રતિવાદીનો ડીફેન્સ રજુ થયા બાદનો છે. છેવટે વિ.વ.શ્રી. અવધુત સુમંત દલીલ કરતાં જણાવેલ છે કે, કરાર આધારે મિલકતમાં વાદીઓનો કોઈ હકક અધિકાર ઉભો થાય નહી જયારે પ્રતિવાદીઓ માલીક કબજેદાર છે જેથી વાદીની આંક-૫ ની અરજી નામંજુર કરવી જોઈએ અને પ્રતિવાદીઓ કબજામાં હોઈ પ્રતિવાદીઓની કાઉન્ટર મનાઈ અરજી મંજુર કરવા જણાવેલ છે.

તેમજ વિ.વ.શ્રી. વાદીની દલીલના મૌખિક ખુલાસા કરતાં જણાવેલ છે કે, વાદી તરફે લ

ેખિત દલીલમાં જાન્યુ–૨૦૦૬ માં કરાર થયાનો સમય જણાવેલ છે જે તેઓના પ્લીંડીગમાં નથી. તેમજ વાદીએ લેખિત દલીલમાં દાવામાં કરારની વિગતો જણાવેલ છે તેવુ જણાવેલ છે, પરંતુ દાવો દાખલ થવામાત્રથી સાચો હોવાનુ માની શકાય નહી. દાવાવાળી મિલકત અને માલીકો અલગ અલગ છે જેથી કરાર કરવા સક્ષમતા જણાતી નથી તેમજ વાદીએ નિ.૫૦/૮૦ થી લોપાબેનના પાવરનામા પર આધાર રાખેલ છે તે તા.૨૮/૧૨/૨૦૦૫ નુ છે અને ૨૦૦૬ માં વેલીડેટ થયેલ છે જેમાં ભાગીરથીબેનને પાવર આપેલ છે જયારે ભાગીરથીબેન ૨૦૦૯ માં મરણ ગયેલ છે ત્યાર બાદ દાવો થયેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧, ૬,૭, ૧૦ નાએ કોઈ પાવર આપેલ નથી.નિ.૫૦/૯૮ થી રમણભાઈ અને ચંચળબેને ગીરીશભાઈને પાવર આપેલ પરંતુ તેમાં વેચાણ આપવાના અધિકાર નથી અને વહીવટ માટે પાવર આપેલ છે. નિ.૫૦/૯૯ નો પાવર ૧૯૭૭ નો છે જે આપનાર નારણભાઈ મરણ ગયેલ છે. જેથી કરારના અરસામાં પાવરનામા અમલમાં નહતા. તેમજ પ્રતિવાદીઓને વેચાણ દસ્તાવેજો આધારે કબજો મળેલ છે જયારે વાદીનો કબજો હોવા બાબતે કોઈ પુરાવો દસ્તાવેજ નથી જેથી કાયદાની સ્વીકૃતી નથી. અને કબજો આપવાની ભૌતિક પ્રતિક્રયા વાદી બતાવી શકેલ નથી ફકત પ્લીંડીંગ આધારે કબજો માની શકાય નહી.તેમજ રેવન્યુ રેકર્ડમાં વાદીનુ હિત હોય તેવી કોઈ નોધ થયેલ નથી. તેમજ વાદીએ રજુ કરેલ મહેસુલભર્યાની પાવતીઓમાં ૨૦૨૩ ની પણ રજુ કરેલ છે. વધુમાં વાદીએ આં ક–૧૯૯ ના લીસ્ટથી પોતાના આવક વેરા રીટર્ન રજુ કરેલ છે જેમાં તેઓની વાર્ષિક આવક ૧ લાખ જેટલી છે જેથી દાવામાં જણાવેલ રોકડ આપવા સક્ષમતા જણાતી નથી. તેમજ દાવા અરજીના પેરા.૧૦ માં રમણભાઈને જે પૈસા આપેલાનુ જણાવે છે તે બીજા દિવસે રેમન જીલેટીનના ખાતામાં જમા કરાવેલ છે જેથી અવેજના પૈસા હોવાનુ જણાતુ નથી અને પ્રતિવાદીનુ

કથન છે કે, તેઓએ ઈન્વેસ્ટમેન્ટ કરેલ છે. જેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સાથે નામંજુર કરવા તથા પ્રતિવાદીઓની કાઉન્ટર મનાઈ અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૧૧/૨)પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ તથા ૮ તરફે વિ.વ.શ્રી.એન.સી.શાહ દલીલ કરતાં જણાવેલ છે કે, વાદીએ અવેજ ચુકવેલ હોવાનુ પ્લીંડીંગ કરેલ છે જયારે પ્રતિવાદીએ અવેજ ની તકરાર ઉઠાવેલ છે તેમજ વાદી ડીડી.થી તથા રોકડેથી અવેજ ચુકવેલાનુ જણાવેલ છે તેવા ડી.ડી.૨૦૦૬ ના તથા ૨૦૧૦ ના છે જે રીયલાઈઝડ થયેલ નથી જે હકીકત દાવા સમયે વાદી જાણતા હોવા છતાં છુપાવેલ છે અને સુનાવણી દરમ્યાન પુરાવા રજુ કરેલ છે. પરંતુ ત્યાર બાદ વાદીએ અવેજ ચુકવવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ બતાવેલ નથી. જેથી વાદી ચોખ્ખા હાથે આવેલ નથી અને હકીકતો છુપાવેલ છે જેથી તેને ઈકવીટીની દાદ મળી શકે નહી. વધુમાં પ્રતિવાદી નં.૧,૨ ને વ્યવહાર કરવા પાવર કે ઓથોરીટી નથી. તેમજ હસમુખભાઈને રોકડા ૪૨ લાખ ચુકવેલ તે હસમુખભાઈ માલીક કે તેનો ઓથોરાઈઝડ માણસ નથી. જેથી જયારે અવેજનો ઈન્કાર કરવામાં આવેલ હોય ત્યારે વાદીએ અવેજ ચુકવી આપેલ હોવાનુ પ્રથમદર્શનિય બતાવવુ પડે તેમજ વાદીએ રોકડ અવેજ ચુકવેલ તે તેઓની પાસે હતી તેવુ બતાવવુ પડે જે બતાવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી જણાવેલ છે કે, વાદીએ ૨૦૦૬ ના ડીડી રજુ કરેલ તે રીયલાઈઝડ થયેલ નથી જે હકીકત વાદી જાણતા હતા જેથી ત્યારથી વાદીના અધિકારનો ઈન્કાર ગણાય અને ત્યારથી ત્રણ વર્ષમાં દાવો કરવો પડે પરંતુ વાદીએ ત્યાર બાદ ૨૦૧૦ માં નવા ડીડી કઢાવી અને ૨૦૧૧ માં દાવો કરેલ છે જેથી દાવાનુ કારણ ઉભુ કરવા નવા ડીડી કઢાવી પોતાના ખિસ્સામાં મુકી રાખેલ છે. તેમજ અવેજ બાબતે વાદી તરફે નિ.૩/૩૮, ૪/૩૯, ૪/૫૦ ઉપર આધાર રાખેલ છે તેમાં મિલકતનો ઉલ્લેખ નથી કે તેમાં યોગ્ય સ્ટેમ્પ વાપરેલ નથી કે તેમાં કોઈ

પ્રતિવાદીની સહી નથી. તેમજ વાદીનો કબજો હોવાનુ જણાવેલ છે, પરંતુ આટલી મોટી સ્થાવર મિલકત ના કબજા બાબતે કોઈ રસીદ નથી કે કાયદાની જરુરીયાત મુજબનુ કોઈ લખાણ નથી જયારે પ્રતિવાદીઓ માલીકો છે અને દાવા દરમ્યાન વેચાણ કરી કબજો પણ સોપેલ છે. વધુમાં વાદીનુ નામ બીજા હકકોમાં રેવન્યુ રેકર્ડમાં પણ નથી. તેમજ ખુલ્લી જમીનનો કબજાનો દાવો તે મિલકતના રેકર્ડ પરના માલીકનો ગણાય. તેમજ ટી.પી.એકટની કલમ–૫ર જો મુળ માલીક દાવા દરમ્યાન મિલકત ટ્રાન્સફર કરે તો તે દાવાનો નિર્ણય વેચાણ રાખનારને બંધનકર્તા રહે છે પરંતુ તેવો વ્યવહાર નલ એન્ડ વોઈડ બને નહી. જેથી વાદીનો પ્રથમદર્શનિય કેસ નથી બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં નથી જેથી વાદીની આંક–૫ નીઅરજી ખર્ચ સાથે નામંજુર કરવા જણાવેલ છે.

(૧૧/૩)જયારે પ્રતિવાદી નં.ર/૪ થી ર/૮, ૩/ર થી ૩/૩ તથા ૮/૪ થી ૮/૭, ૯/ર થી ૯/૩ તરફે વિ.વ.શ્રી. આર.જે.પુરોહિત દલીલ કરતાં જણાવેલ છે કે, તેઓના જવાબ સંદર્ભે વાદીએ આજરોજ રજુ કરેલ કાઉન્ટર એફિડેવિટમાં પણ પુરેપુરો અવેજ ચુકવી આપેલાનુ જણાવેલ છે જયારે ડી.ડી.રીયલાઈઝડ નહી થયેલાનો પુરાવો ખુદ વાદીએ રજુ કરેલ છે. જેથી વાદીના દાવો પુરાવાથી વિરૂધ્ધનો છે. તેમજ અવેજની તકરાર હોય તો કેસની પ્યોરીટી રહેતી નથી. તેમજ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખી કબજો મેળવેલ છે જેથી પ્રતિવાદીનો કબજાનો દાવો મજબુત છે. તેમજ રેકર્ડ પર આખી મિલકતનો વહીવટ કરવાનો અધિકાર કે પાવર નથી જથી વાદીનો પ્રથમદર્શિય કેસ નહોઈ હાલની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

તેમજ પ્રતિવાદી નં.૧/૩ તથા ૬/૩ તરફે વિ.વ.શ્રી. પી.કે. જાદવની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૧૨) આમ ઉપરોકત રજુઆત સબબ વાદીની કામ ચલાઉ મનાઈ અરજીનો નિર્ણય કરતાં પહેલા ઓ.૩૯ રૂલ–૧ની જોગવાઈ ધ્યાને લેતાં જયારે કોઈ દાવાની વાદગ્રસ્ત મિલ્કત વેડફાઈ જવાનો, કે તેને હાનિ થવાનો, કે તેને દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે તેમજ તે મિલ્કત વેડફાઈ જતી હોઈ, તેને નુકસાન થતું હોઈ, બીજાને આપી દેવાની હોય, તે લેવાની હોય, તે ખસેડાતી હોય, તે મિલ્કતના સંબંધમાં વાદીનો કબ્જો છોડાવી દેવા નુકસાન પહોંચાડવા માટે જયારે કૃત્ય થતું હોય તેવા સંજોગોમાં સી.પી.સી.ના ઓર્ડર–૩૯ રૂલ–૧ને ધ્યાને લેવાનો રહે છે. ત્યારે, સદર દાવામાં આંક–૫ તથા પ્રતિવાદીઓ તરફેની કાઉન્ટર મનાઈ અરજીની હકીકતો તથા તેના સમર્થનમાં રજુ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં દિવાની કાર્યરીતી સંહિતા અનુસાર મનાઈ હુકમની માગણી કરનાર પક્ષકારે પોતાનો પ્રથમદર્શનીય કેસ છે તેવુ બતાવવાની જવાબદારી હંમેશા જે તે પક્ષકારની રહેલી છે.

(૧૩) સૌપ્રથમ વાદી તરફે તેઓની રજુઆત ના સમર્થનમાં રજુ થયેલ ચુકાદા ધ્યાને લેતાં તેમાં નામદાર સુપ્રિમ કોર્ટના **એસ.એલ.પી(સી) નં.૮૭૨૪/૨૦૨૨ સુરેશ જૈન વિ. તેજ પ્રકાશ પંડયા અને બીજા** ના ચુકાદામાં કરાર પાલનના દાવામાં ટ્રાયલ કોર્ટે કામચલાઉ મનાઈ અરજી નકારેલ જે અપીલ અદાલતે વાદી મનાઈ હુકમ આપવા લાયક કેસ બતાવી શકેલ હોવાનુ ઠરાવતા હુકમમાં નામદાર હાઈકોર્ટ દવારા હસ્તક્ષેપ કરવામાં અવેલ જેમાં નામદાર સુપ્રિમકોર્ટે કરાર આધારે કબજો તથા માલીકી તબદિલ નહી થયેલ હોવાની હકીકત વચગાળાનો મનાઈ હુકમ સમયે વચ્ચે આવે નહી તેમ ઠરાવી અપીલ મંજુર કરેલી. તેમજ **૧૯૮૨ (૦) સુપ્રિમ (બી.ઓ.એમ)૨૦૧ થી પ્રસિધ્ધ નંદકુમાર ગંગાધર અગરમોરે વિ. લક્ષ્મીબાઈ ગણપત ખાં**

**ડે અને બીજા** ના ચુકાદામાં વાદીએ સ્પેશીફીક પરફોરમન્સનો દાવો કરેલ જેમાં કરાર આધારે કબજો મેળવેલ જેમાં ટ્રાયલકોર્ટ ખેતરનુ પાક સ્ટેટમેન્ટમાં વાદી ખેતી કરતા હોવાનુ અને મહેસુલ ભરતા હોવાનુ માની પ્રથમદર્શનિય કેસ માની કામચલાઉ મનાઈ હુકમ આપેલો જેમાં અપીલમાં વાદી કલમ–પ૩ એ હેઠળ રક્ષણ મેળવી શકે નહી તેવી હકીકતે હુકમ સેટેસાઈડ કરેલ જેમાં નામદાર હાઈકોર્ટે વાદીનો લાંબાસમયનો કબજો હોવાનુ જોતાં વાદીને હાર્ડશીપ પડે તે હકીકતે ટ્રાયલ કોર્ટનો હુકમ રીસ્ટોર કરેલો. તેમજ વાદી તરફે **૧૯૯૬ (૭) જે.ટી. ૫૦૮ થી પ્રસિધ્ધ સોહનસિંઘ વિ. સરવણસિધ અને બીજા** ના ચુકાદામાં ૧૪/૬/૧૯૮૬ ના રોજ મિલકત વેચાણનો કરાર થયેલાનુ સ્વીકૃત હતુ અને અર્નેસ્ટ મની ચુકવેલાનુ અને બાકીની રકમ દસ્તાવેજ સમયે ચુકવવાની હતી.દસ્તાવેજ નહી કરી આપતાં કરારપાલનનો દાવો થયેલ. નીચેની તમામ અદાલતોએ બાકીના ૬૪૦૦૦ ના ચુકવણા પેટે બેંક ડ્રાફટ રજુ કરેલ જે સ્વીકારેલ નહી જેમાં કરાર પાલનનુ હુકમનામુ થયેલ જેમાં ડ્રાફટ અવેજ પેટે ચુકવણુ ગણાય નહી તેવી રજુઆત થયેલ જેમા નામદાર સુપ્રિમકોર્ટે ડ્રાફટથી ચુકવણુ કાયદેસર ઠરાવેલ. તેમજ વાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના **આર.સી.એ.૩૦૬/૨૦૧૯, ૩૧/૩/૨૨, દર્પણ(ઘાટલોડીયા) કો.ઓ.હા.સો.લી વિ. ડાહયાભાઈ મગનભાઈ રબારી** ના ચુકાદામાં વાદી અને પ્રતિવાદી નં.૧ વચ્ચે મિલકત વેચાણ કરાર થયેલો અને ત્યાર બાદ નોટોરાઈઝડ દસ્તાવેજ આધારે કબજો વાદીને સોપવામાં આવેલો વાદીના કથન મુજબ મિલકત બાબતે લીટીગેશન હતુ અને ટાઈટલ કલીયર થયા પછી દસ્તાવેજ કરવાની શરત હતી અને ટાઈટલ કલીયર થયા બાદ પ્ર તિવાદીએ અન્ય પ્રતિવાદીને વેચાણ કરેલ જેમાં કરાર પાલનનો દાવો કરેલ અને થર્ડપાટી મિલકત વેચાણ કરે નહી તેવો મનાઈ માગતી અરજી નીચેની અદાલતે નામંજુર કરેલ જેમાં

નામદાર ગુજરાત હાઈકોર્ટે કરારનુ વિશિષ્ઠ પાલન વિવેકાધિન ઉપચાર હોવાનુ અને વચગાળાનો મનાઈ હુકમની માગણી કરતા વાદીએ બિનતકરારી હકીકતો આધારે પ્રથમદર્શનિય કેસ બતાવવાનો છે જેમાં નામદાર હાઈકોર્ટે દાવા દરમ્યાન મિલકત અન્યને વેચાણ કરવામાં આવે તો મલ્ટીપ્લીસીંટી ઓફ પ્રોસીડીગ્જ થાય વિગેરે હકીકતે નીચેની અદાલતનો હુકમ સ ેટેસાઈડ કરી પ્રતિવાદીને ટ્રાન્સફર કરતાં અટકાવેલ. તથા વાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના **રે.અપીલ નં.૩૫/૨૦૨૧, તા.૧૫/૩/૨૨, ગીતાબેન ગોવિંદભાઈ પટેલ વિ. રમેશભાઈ હીરાભાઈ પટેલ** ના ચુકાદામાં વાદીએ સ્પેશીફીક પરફોરમન્સનો દાવો કરેલ જેમાં નોટોરાઈઝડ કરારના પાલન માટે દાવો કરેલ જેમાં વાદીએ ૫૧ લાખ ચુકવી આપેલા જેની પાવતી આપેલ અને એન.એ. પરવાનગી બાદ ૩૦ ટકા રકમ ચુકવવાની હતી જે એન.એ.બાદ વાદી ચુકવવા જતાં પ્રતિવાદીએ નહી સ્વીકારતાં વાદીએ નોટીસ આપેલ હોવાની હકીકતે વાદી રેડી અને વિલીંગ હોવાનુ દર્શાવી દાવો કરેલ જેમાં ત્રણેય તત્વો વાદીની તરફેણમાં હોવાની હકીકતે મનાઈ હુકમ આપવામાં આવેલો.તેમજ વાદી તરફે **૧૯૮૭ (૦) એ.આઈ.આર.(રાજ)૧૪૩ થી પ્રસિધ્ધ રમાદેવી વિ. સંગાનેર કો.ઓ.હા.સો.લી**ના ચુકાદામાં સ્પેશીફીક પરફોરમન્સના દાવામાં વાદી સોસાયટીને કરાર આધારે કબજો મળેલ હતો નીચેની અદાલતે આપેલ મનાઈ હુકમ યથાવત રાખેલ. તેમજ વાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટની **(સેકન્ડ અપીલ નં.૪૨/૧૯૯૦, તા.૨૬/૮/૨૦૨૨ ) ધનસુખલાલ રામભાઈ પટેલ વિ. ધનસુખલાલ નગીનદાસ કાપડીયા**ના ચુકાદામાં નીચેની અદાલતે સ્પેશીફીક પરફોરમન્સનો દાવામાં તેવો કરાર નહી કરી આપેલાની પ્ર તિવાદીની મુખ્ય તકરાર હતી અને આંખે ઓછુ દેખાતુ હોવાની હકીકતે સહી લીધેલ હોવાની તકરાર લીધેલ જે નીચેની અદાલતે દાવો નામંજુર કરતો હુકમ ફરમાવેલ જેમાં પ્રથમ અપીલ

અદાલતે સ્પેશીફીક પરફોરમન્સનુ હુકમનામુ ફરમાવેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રતિવાદી એ પુરાવામાં બેંકની નોકરી છોડયા બાદ પોતાનો દુધ અને ચાનો ધંધો શરુ કરેલ હોવાની અને કોઈ પણ વ્યકિતની મદદ સિવાય અદાલતમાં હાજર રહેલાની હકીકતનો મૌખિક પુરાવા માં સ્વીકાર કરેલ હોવાની હકીકતે પ્રતિવાદીનો બચાવ સ્વીકારેલ નહી તેમજ પ્રતિવાદી એ પોતાની જાતે પાવતી ઓ ઈસ્યુ કરેલ હોવાની હકીકતો ઘ્યાને લઈ અપીલ અદાલતે ફરમાવેલ હુકમનામુ યોગ્ય ઠરાવેલ. તેમજ વાદી તરફે **૨૦૧૪(૧) જી.એલ.એચ.૩૨૬ થી પ્રસિઘ્ઘ ભરતકુમાર ઈશ્વરલાલ મીતેરાણી અને બીજા વિ. ગીરીશભાઈ મનુભાઈ અને બીજા**ના ચુકાદામાં પાછળથી ખરીદનાર બોનાફાઈડ હોવા બાબતે બે શરતો માં તેણે પુરો અવેજ ચુકવી આપેલ હોવાનુ અને કરારની જાણકારી સિવાય ચુકવણુ કરેલ હોવાની હકીકત જોવાની અને તેવા ચુકાદામાં પુરો અવેજ નહી ચુકવેલાનુ જોતાં સ્પે.રીલીફ એકટની કલમ–૧૯(બી)ની રક્ષણ મળે નહી તેમ ઠરાવેલ. તેમજ **૨૦૦૧(૨) જી.એલ.એચ. ૭૫૮ થી પ્રસિઘ્ઘ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન વિ. બાલારામ સીમેન્ટસ લી. અને બીજા** ના ચુકાદામાં રજુ મટીરીયલ આઘારે વાદી પ્રાઈમાફેસી એવુ બતાવી શકેલ કે પ્રતિવાદી અગાઉની ઓફર સ્વીકાર કરે તે અગાઉ વાદીએ ઓફર રીવાઈઝડ અને મોડીફાય કરી પ્રતિવાદી સમક્ષ મુકેલ જેથી કંન્કલુડેડ કોન્ટ્રાકટ અમલમાં નહી આવેલ હોઈ તેવા કરાર બાબતે આપવામાં આવેલ બેંક ગેરંટી એનકેશ કરી શકાય નહી. તેમજ પ્રાઈમાફેસી કેસ માટે વાદીએ પોતાનુ ટાઈટલ બતાવવુ જરુરી નથી, પરંતુ અઘિકાર હોવા સબંઘે વાજબી સવાલ હોવાનુ અને તેનો નિકાલ ન થાય ત્યાં સુઘી મિલકતનુ રક્ષણ થવુ જોઈએ તે બતાવવાનુ રહે છે. તેમજ વાદી તરફે નામદાર રાજસ્થાન હાઈકોર્ટના **રામભરોસી વિ. ભાગીરથ (સી.મીસ.અપીલ નં.૪૭૬૬/૨૦૧૨, તા.૩/૨/૧૪)** ના ચુકાદામાં નામદાર

હાઈકોર્ટે ઠરાવેલ કે, કરાર પાલનના દાવામાં દાવા દરમ્યાન દાવાવાળી મિલકતનુ રક્ષણ થવુ જોઈએ અન્યથા ડીક્રી હોલ્ડરને વધુ લીટીગેશનનો સામનો કરવો પડશે. તેમજ વાદી તરફે **૧૯૯૮ (૦) સુ.કો.(દિલ્હી) ૧૪૦ થી** પ્રસિધ્ધ **કે.આર.ડોગરે વિ. વિધ્યાવતી** ના ચુકાદામાં પ્રથમદર્શનિયકેસ તથા બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં હતા અને જો પ્રતિવાદીને પ્રથમ માળના ધાબા પર બાંધકામ કરતાં અટકાવવામાં ન આવે તો વાદીને ઈરીપેરેબલ ઈન્જરી થાય તેમ હોઈ મનાઈ હુકમ જરુરી માનેલ. તેમજ વાદી તરફે **૧૯૮૯ (૦) એ.આઈ.જે.ઈ.એલ. (દિલ્હી) ૧૩૦૭૦૮૨ થી પ્રસિધ્ધ સંજય વિ. અટરો** ના ચુકાદામાં વેચાણ કરાર અન્વયે પ્રતિવાદીએ એડવાન્સ રકમ લઈ રીસીપ્ટ ઈસ્યુ કરેલ અને બાકીની રકમ દસ્તાવેજ સમયે ૧૨ માસ માં આપવાની હતી તેમજ કરાર તારીખે કબજો વાદીને સોપવામાં આવેલ ત્યારથી વાદી કબજામાં હતા તેમજ પ્રતિવાદીને નકકી કરેલ સમયમાં જરુરી પરવાનગીઓ મેળવવાની હતી તેમજ પ્રતિવાદીએ પુરો અવેજ ન મળે ત્યાં સુધી કબજો પોતાને રાખવાનો હોવાની તકરાર લીધેલ જેમાં પ્રતિવાદી તરફે રજુઆત થયેલ કે પ્રતિવાદી અભણ બાઈ હોઈ કરારમાં કબજો સોપેલ હોવાનુ લખેલ છે, પરંતુ કબજો સોપેલ નથી અને તેણી ખેતી કરે છે જેમાં નામદાર હાઈકોર્ટે બીજા સંજોગો કે જેમાં કબજો વાદીનો હોવાનુ જણાયેલ તેવા સંજોગોમાં પ્રતિવાદી ને વેચાણ કરતાં અટકાવવાનુ જરુરી માનેલ. તેમજ વાદી તરફે **૨૦૨૩ લાઈવ લો (સુકો)૪૭૯ થી પ્રસિધ્ધ ધનશ્યામ વિ.યોગેન્દ્ર રાઠી** ના ચુકાદામાં વીલ અથવાતો પાવર ઓફ એટોર્ની માલીકીના દસ્તાવેજ અથવા સ્થાવર મિલકતમાં અધિકાર આપતા દસ્તાવેજ કહી શકાય નહી. વેચાણ કરાર માલીકીનો દસ્તાવેજ કે ડીડ ઓફ ટ્રાન્સફર કહી શકાય નહી જેથી તે મિલકત પર એબ્સોલ્યુટ અધિકાર આપે નહી, પરંતુ તેવા કરાર આધારે પાર્ટ પરફોરમન્સ માટે પુરો અવેજ ચુકવી આપેલાનુ

અને તબદિલી આપનારા દવારા કબજામાં મુકેલ હોવાની હકીકત હોય અને તબદિલ કરનાર ત્યાર બાદ લાયસન્સી તરીકે કબજો ધરાવતો હોઈ માલીક રહેલ નહોઈ તે કબજાના અધિકારને તબદિલી આપનાર દવારા ડીસ્ટર્બ કરી શકાય નહી તેમ ઠરાવેલ.

(૧૪) પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ ચુકાદા ધ્યાને લેતાં તેમાં નામદાર બોમ્બે હાઈકોર્ટના **૨૦૨૩(૧) એ.બી.આર.૭૬૯ થી પ્રસિધ્ધ અનુરાધા અગ્રવાલ વિ. રુઈ અવિલા અને બીજા** ના ચુકાદામાં વાદીએ મૌખિક કરારના અમલનો દાવો કરેલ જેમાં નીચેની અદાલતે વાદીએ જરુરી પ્લીંડીંગ જેમાં અવેજની ચુકવણી કેવી રીતે કરવાની તેનો સમયગાળો તથા નચુકવાય તો પરિણામ સબંઘે જરુરી પક્ષનિવેદન નહતુ તથા તેમજ કરાર અન્વયે કંમ્પાઉન્ડ વોલ બનાવવાનુ, પંચાયતની મંજુરી, સકશેશન સટીફીકેટ, ટાઈટલ રીપોર્ટ મેળવવા જેવા અનુષંગિક કાર્યો પ્રતિવાદીએ કરવાના હતા જે થયેલા નહી જેથી અદાલતે કન્કલુડેડ કોન્ટાકટ નહી હોવાનુ માની વચગાળાની મનાઈ અરજી નકારેલ જેમાં નામદાર બોમ્બે હાઈકોર્ટે તેવો હુકમ યથાવત રાખેલો. તેમજ પ્રતિવાદી તરફે **૨૦૦૯ એસ.સી.સી. ઓન લાઈન બોમ્બે ૧૮૦૯ થી પ્રસિધ્ધ મન્નાલાલ વિ. ઉપેન્દ્રકુમાર અને બીજા**ના ચુકાદા પર આધાર રાખેલ છે તેમાં મૌખિક કરારના અમલ માટેના દાવામાં નીચેની અદાલતે કોઈ લેખિત કરાર નહોઈ અને મૌખિક કરાર આધારે ડીક્રી માગેલ હોવાનુ અને રેકર્ડ પરનો પુરાવો તથા રજુઆત જોતાં વાદીનો પ્રથમદર્શનિય કેસ નહોવાનુ ઠરાવેલ તેમજ મૌખિક કરાર થયેલ કે કેમ તે પુરાવાનો વિષય હોવાનુ અને તે સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં નહોવાનુ ઠરાવી મનાઈ હુકમ નકારેલ જેમાં નામદાર સુપ્રિમકોર્ટે તેવો હુકમ યોગ્ય ઠરાવી અપીલ કાઢી નાખેલ. તેમજ **(૨૦૨૦) ૫ સુપ્રિમકોર્ટ કેસીસ ૪૧૦ થી પ્રસિધ્ધ અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઈઝ લી વિ. કે.એસ ઈન્ફ્રાસ્પેસ એલ.એલ.પી. લી. અને બીજા** ના

ચુકાદો જોતાં તેમાં કંન્કલુડેડ કોન્ટ્રાકટના અસ્તિત્વ હોવા બાબતે શંકા અને દાવો કરવામાં વિલંબ તથા મૌખિક કરારમાં સ્વીકૃત હકીકતો આધારે વાદીએ પક્ષકારોએ પોતાની જવાબદારીઓ નિભાવેલ હોવાનુ બતાવવાનુ રહે છે તેવા સંજોગોમાં વાદી તરફેણનો મનાઈ હુકમ ટકી શકે નહી તેમ ઠરાવેલ. તેમજ પ્રતિવાદી તરફે **કે. અકબર અલી વિ. કે. ઉમર ખાન અને બીજા (સ્પે.લીવ.પીટીશન(સીવીલ) નં.૪૧૮૪૪/૨૦૧૮)** ના ચુકાદામાં સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧ ની અરજીના તબકકે અદાલત પાવર ઓફ એટોર્નીની શરતો જોઈ શકે તેમ ઠરાવેલ. તેમજ પ્રતિવાદી તરફે **૨૦૦૬(૦) એ.આઈ. જે.ઈ.એલ.–હા.કો. ૨૧૭૧૭૮ થી પ્રસિધ્ધ ખીમાભાઈ હરજીવનભાઈ પાટણવાડીયા વિ. પટેલ ગોવિંદભાઈ ભગવાનભાઈ** ના ચુકાદામાં ૧૯૯૨ માં મુળ માલીક પ્રતિવાદી નં.૧ સાથે કરાર થયેલાની અને અવેજ ચુકવી આપેલાની હકીકતે કરારના અમલ માટે દાવો થયેલ જેમાં વાદીના કથન મુજબ જમીન અર્બન લેન્ડ સીલીંગના કાયદા હેઠળ ની કાર્યવાહી ચાલુ હોઈ જમીન રીલીજ થયેથી દસ્તાવેજ કરવાનો હતો અને પ્રતિવાદીએ ટાઈટલ કલીયર કરાવી દસ્તાવેજ કરવાનો હતો યુ.એલ.સી. કાર્યવાહી તથા લીટીગેશન પુરા થયા બાદ અન્યને વેચાણ કરવા બાબતે પેપર નોટીસ પ્રસિધ્ધ થતાં દાવો થયેલો જેમાં નીચેની અદાલતે વચગાળાનો મનાઈ હુકમ નકારેલો જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ કે પક્ષકારો વચ્ચે નવિન કરાર નથી તેમજ વાદી કરારમાં જણાવ્યા મુજબ અવેજ ચુકવી આપેલ નહી વિગેરે હકીકતે અપીલ કાઢી નાખેલ. તેમજ પ્રતિવાદી તરફે **૨૦૧૦ જી.એલ.એચ.(૧) ૧૫૧ થી પ્રસિધ્ધ હર્ષદકુમાર કાન્તીલાલ ભાલોડવાલા અને બીજા વિ. ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ અને બીજા** ના ચુકાદામાં વાદીએ સ્પેશીફીક પરફોરમન્સ તથા વેચાણ દસ્તાવેજ રદ કરવા દાવો કરેલ જેમાં પ્રતિવાદીઓ એ પેપર નોટીસ આપેલ તેમાં કોઈ વાં

ધા આવેલ નહી અને મિલકત ખરીદ કરેલ તેમજ વાદી પ્રાઈમાફેસી પાર્ટ પેમેન્ટ કરેલ હોવાનુ બતાવી શકેલ નહી જે હકીકતે નીચેની અદાલતે આપેલ મનાઈ હુકમ સેટેસાઈડ કરેલો. તેમજ પ્ર તિવાદી તરફે **૨૦૨૨ (૦) એ.આઈ.જે.ઈએલ.–હા.કો. ૨૪૪૩૯૯ થી પ્રસિઘ્ધ મેહુલ શાંતિલાલ પટેલ વિ. સામતભાઈ નાનુભાઈ વરુ** ના ચુકાદા માં સ્પેશીફીક પરફોરમન્સના દાવામાં દાવાવાળી મિલકત  સ્ટેટસ કવોનો હુકમ કરવામાં આવેલો તે ચેલેન્જ થયેલો જેમાં પ્રતિવાદીએ કરારમાં પોતાની સહી સ્વીકારેલ પરંતુ કરાર કરી આપેલાનો ઈન્કાર કરેલો તેવા સંજોગોમાં વાદી પર રોકડ ચુકવણુ પુરવાર કરવાનુ હેવી બર્ડન રહે છે જેમાં કરારનુ અસ્તિત્વ પુરાવાનો વિષય બનતુ હોઈ પ્ર ાઈમાફેસી કેસ માનેલ નહી. તેમજ લીસ પેન્ડન્ટસ નોધાવેલ તે દિવસે થર્ડ પાર્ટીને વેચાણ થયેલ જેથી મિલકત વેચાણ થવાની વાદીની આશંકા વાજબી છે, પરંતુ પ્રાઈમાફેસી કેસના અભાવે તેમજ વાદીને થતુ નુકશાન નાણાં થી ભરપાઈ થઈ શકે તેમ માની અપીલ મંજુર કરેલી. તેમજ પ્રતિવાદી તરફે **એ.આઈ.આર. (૫) એ.એલ.ડી.૧૪૦ થી પ્રસિઘ્ધ બેસ્ટ સેલર્સ રેટેઈલ (ઈન્ડીયા) પ્રા.લી. વિ. આદિત્ય બિરલા લી. અને બીજા** ના ચુકાદામાં દાવામાં ડેમેજીજ ની માગણી કરવામાં આવેલ હોવાની હકીકતે વાદીને થતુ નુકશાન નાણાંમાં ભરપાઈ થઈ શકે તેમ હોઈ નીચેની અદાલતે ફરમાવેલ મનાઈ હુકમ સેટેસાઈડ કરેલો. તેમજ પ્રતિવાદી તરફે **૧૯૯૭ જી.એલ.એચ.(૧) ૮૪૧ થી પ્રસિઘ્ધ નવલરામ લક્ષ્મીદાસ દેવમુરારી વિ. વિજયાબેન જયવં તભાઈ ચાવડા** ના ચુકાદામાં અરજદાર જમીનના કબજામાં જણાયેલ નહી તેમજ જમીનના ખુલ્લા ટુકડામાં આકસ્મિક અજાણ્યાવપરાશ કર્તા ને કબજેદાર ગણી શકાય નહી તેમજ પ્રતિવાદીઓ માલીક હતા જેથી કબજો માલીકી સાથે જાય તે સિઘ્ધાંત મુજબ અપીલ કાઢી નાખેલ.  તેમજ પ્ર તિવાદી તરફે **૨૦૧૩(૦) એ.આઈ.જે.ઈ.એલ. સુકો. ૫૩૯૨૭ થી પ્રસિઘ્ધ થોમસન પ્રેસ**

**(ઈન્ડીયા) લી વિ. નાયક બિલ્ડર્સ એન્ડ ઈન્વેસ્ટર્સ પ્રા.લી.** ના ચુકાદામાં દાવા ની જાણકારી ધરાવતા ખરીદનારને દાવામાં જોડી શકાય તેમજ આવી દાવા દરમ્યાન થતી ટ્રાન્સફર દાવાના પરિણામને આધિન રહે છે. તેમજ પ્રતિવાદી તરફે નામદાર સુપ્રિમકોર્ટના **જી.ટી.ગીરીશ વિ. સુબ્બા રાજુ અને બીજા (એસ.એલ.પી(સી) નં.૬૮૫૭/૨૦૧૭)** ના ચુકાદામાં સ્પેશીફીક પરફોરમન્સના દાવામાં નીચેની અદાલતે સ્પેશીફીક પરફોરમન્સ નકારી કરાર આધારે ચુકવેલ રકમ પરત કરવાનો આદેશ કરેલ જેમાં નામદાર હાઈકોર્ટે અપીલ મંજુર કરી વાદીની તરફેણમાં દસ્તાવેજ કરી આપવાનો હુકમ કરેલો જેમાં સુપ્રિમકોર્ટે તેવુ હુકમનામુ રીવર્સ કરેલુ. તેમજ પ્રતિવાદી તરફે **૨૦૨૩ લાઈવ લૉ (સુ.કો.)૨૬૧ થી પ્રસિધ્ધ શિવશંકરા વિ. એચ.પી. વેદ વ્યાસ ચાર** ના ચુકાદામાં દાવા દરમ્યાન થતી મિલકત તબદિલી ટી.પી. એકટની કલમ–૫૨ મુજબની ગણાય અને તે દાવાના પક્ષકારના હિત વિરૂધ્ધની હોય તો પણ તેને ઈનવેલીડ ટ્રાન્સફર કહી શકાય નહી.

(૧૫) ઉપરોકત હકીકતે વાદીઓનુ કથન છે કે, દાવાના પેરા.૭ માં જણાવ્યા મુજબ વાદીઓના વડીલ વાદીનં.૧ ના સંપર્કથી વાઘોડીયાના મઢુલી ગામે એક લોટમાં અંદાજે ૧૭૧ એકર જેટલી ખેતીની જમીન પ્રતિવાદીઓને વેચવાની હોવાનુ જાણવા મળતાં બધાવાદીઓએ ભેગા મળી લેવાનુ નકકી કરેલ અને બધા વાદીઓ એક સાથે જરુરી વ્યવહારો કરી શકે તેમ નહોય તમામ વતી વાદીનં.૧ ને સોપેલુ અને તે મુજબ વાદીઓ વચ્ચે સમજુતી થયેલાની હકીકત જણાવેલ છે તેમજ પ્રતિવાદીઓ પૈકી ૧ તથા બાકીના એક બીજાના સગાભાઈઓ અને પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૨ ના બનેવી, પ્રતિવાદીનં.૫ એ પ્રતિવાદી નં.૪ ના પત્ની, પ્રતિવાદી નં.૬ એ પ્રતિવાદી નં.૧ ના પત્ની, પ્રતિવાદી નં.૭ એ પ્રતિવાદી નં.૧૦ ના પત્ની, પ્રતિવાદી નં.૮ એ પ્રતિવાદી નં.૨ ના

માતા, પ્રતિવાદી નં.૯ એ પ્રતિવાદી નં.૩ ના પત્ની જયારે પ્રતિવાદી નં.૯/૧ પ્રતિવાદી નં.૩ ના પુત્ર આમ એક બીજાના નજીકના સગાઓ હોઈ અને પ્રતિવાદી નં.ર પ્રતિવાદી નં.૧, ૩, ૪ તથા નં.૧૦ ના કુલમુખત્યાર છે અને વેચાણ કરવાની તમામ વાતચીત, લેવડ–દેવડ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.ર ની સાથે કરવાની હોવાનુ જણાવેલ છે. અને ચર્ચા વિચારણાબાદ તા. ૨૫/૧/૨૦૦૬ પહેલાંદાવાવાળી માંજે મઢેલીની દાવાના પેરા.૬ માં જણાવેલ જમીનો કુલ ૧૭૧ એકર અંદાજે ૩૦૧ વીઘા જેટલી જમીન એક વીઘાના આશરે રૂા.૪૭,૫૧૧/– નકકી કરી ઉચ્ચક કિંમત રૂા.૧,૪૩,૦૦,૦૦૦/– નકકી કરી ૨૦૦૬ ના જાન્યુ.માસમાં રૂા. ૨૧ ,૦૦,૦૦૦/– આપેલા હોવાનુ અને તા.૨૫/૧/૦૬ ના રોજ વકીલ મારફત ટાઈટલ કલીયરન્સની નોટીસ પ્રસિઘ્ધ કરી વાંધા મંગાવતાં નહી આવેલાનુ જણાવેલ છે પણ તેમાં સુપ્રિમ કોર્ટ સમક્ષ સીવીલ અપીલ નં.૪૪૨૦/૨૦૦૪ ની કાર્યવાહી ચાલુ હોવાનુ ટાઈટલ કલીયરન્સમાં જણાવેલાનુ પક્ષનિવેદન કરેલ છે. વધુમાં વાદી પેરા.૧૦ માં વાદીનં.૧ નાએ આ હકીકત પ્ર તિવાદીઓને જણાવેલ અને તેઓની વચ્ચે એવુ નકકી થયેલ કે આ મિલકત અંગેના કોઈ પ્ર ોસીડીગ્ઝ કોઈ પણ કોર્ટ કે અધિકારી રૂબરુ ચાલે તેમાં પ્રતિવાદીઓની સહી, સંમતી, જવાબો, સોગંદનામા વિગેરે લખાણો આપવા બંધાયેલ છે, પરંતુ તેનો ખર્ચ વાદીએ કરવાનો રહેશે અને સુપ્રિમકોર્ટનો નિર્ણય આવ્યા પછી પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરી લેવાનો રહેશે તથા તે દરમ્યાન વાદીઓ જો પ્રતિવાદીઓને રૂા.૧,૪૩,૦૦,૦૦૦/– ની અડધી રકમ રૂા. ૭૧,૫૦,૦૦૦/– આપેતો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો કબજો વાદીઓને સોપશે તેવુ નકકી થયેલાનુ અને તે મુજબ તા.૨૫/૨/૨૦૦૬ સુધીમાં કુલ રૂા. ૪૨,૦૦,૦૦૦/–રોકડા ચુકવી આપેલા જેની પાવતી પ્રતિવાદીનં.૧ ના કર્મચારી હસમુખભાઈએ તા.૨૫/૨/૨૦૦૬ ના

રોજ આપેલ અને રૂા.૩૦,૭૫,૦૦૦/– એચ.ડી.એફ.સી.બેકના ડીમાન્ડ ડ્રાફટ જેમાં (૧) તા.૨૩/૬/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૫૮ રૂા.૬,૫૭,૦૦૦/– (૨) તા.૪/૭/૦૬ ડી.ડી.નં.૧ ૬૬૦૬૭ રૂા.૭,૪૬,૦૦૦/– (૩) તા.૪/૭/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૬૮ રૂા.૮,૩૨,૦૦૦/– તથા (૪) તા.૨૩/૬/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૫૯ રૂા.૮,૪૦,૦૦૦/– થી ચુકવી આપતાં તા.૪/૭/૨૦૦૬ ના રોજ વાદીઓએ જમીનનો કબજો વાદીઓને સુપ્રત કરેલો અને ત્યારથી તેમાં ખેતી કરી ઉપજ લેતા આવેલ હોવાની હકીકતે પક્ષનિવેદન કરેલ છે. વધુમાં વાદીએ પ્ર તિવાદીઓ ને કોના નામે કઈ જમીન કરવાની છે તેવુ લીસ્ટ આપેલાનુ અને પ્રતિવાદી સંમત થતાં તા.૧૩/૪/૧૦ ના રોજ રૂા.૨૦,૦૦,૦૦૦/– રોકડા પ્રતિવાદીઓને આપેલા જેની પાવતી ગીરીશભાઈએ આપેલી તથા નીચે મુજબના ડ્રાફટ પ્રતિવાદી નં.૧ ની કંપનીની ઓફિસ ે તા.૨૩/૬/૨૦૧૦ ના રોજ પ્રતિવાદી નં.૧ ની સુચના થી તેઓના એકાઉન્ટન્ટ ને આપેલા જેની વિગત નીચે મુજબ છે.

| અનુ નં. | તારીખ | બેંક તથા ડ્રાફટનં. | રકમ | કોના નામનો |
|---|---|---|---|---|
| ૧ | ૨૧/૬/૧૦ | કોટક મહીન્દ્રા બેક નો ૦૦૬૮૮૭ | ૫,૮૪,૦૦૦/– | નવિનભાઈ બાપુભાઈ પરીખ |
| ૨ | ૨૨/૬/૧૦ | એચ.ડી.એફ.સી. નં.૭૩૬૭૪૪ | ૬,૪૬,૦૦૦/– | પ્રભાબેન મનુભાઈ પટેલ |
| ૩ | ૨૩/૬/૧૦ | એસ.બી.આઈ. ૨૦૮૩૫૧ | રૂા.૬,૯૨,૦૦૦/– | ગીરીશભાઈ સી.પટેલ |
| ૪ | ૧૯/૬/૧૦ | એચ.ડી.એફ.સી. ૫૦૬૯૯૨ | રૂા. ૮,૭૬,૦૦૦/– | નવિનભાઈ બાપુભાઈ પરીખ |
| ૫ | ૨૨/૬/૧૦ | દેનાબેંક ૩૩૨૬૨૮ | રૂા. ૯,૭૪,૦૦૦/– | ગીરીશભાઈ સી. પટેલ |
| ૬ | ૨૩/૬/૧૦ | કોટક મહીન્દ્રાબેક | રૂા.૯,૬૦,૦૦૦/– | લોપાબેન પી.દવે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | ००९८८८ | | |
| ७ | २३/९/१० | રોકડા | રૂા.૨,૯૩,૦૦૦/– | પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ રોકડા આપેલા. |

આમ વાદીઓ તરફે ઉપરોકત હકીકતે પુરેપુરો અવેજ ચુકવી આપેલ હોવાની હકીકતે પક્ષનિવેદન કરવામાં આવેલ છે.

જયારે પ્રતિવાદીઓ તરફે આવા વેચાણ કરાર થયેલાનો તથા કોઈ પણ જાત નો અવેજ મળેલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે તેમજ તમામ પ્રતિવાદીઓ સ્વતંત્ર રીતે જમીનો ધારણ કરતા હોઈ તેઓ તમામ વતી પ્રતિવાદી નં.૧, ૨ નાઓ કરાર કરવા માટે સક્ષમ નહી હોવાની હકીકતે પણ મહત્વની હકીકતે તકરાર ઉઠાવવામાં આવેલ છે તેમજ કબજો પણ વાદીને નહી સોપેલ હોવાનુ અને પ્રતિવાદીઓનો કબજો હોવાની હકીકતે તકરાર ઉઠાવવામાં આવેલ છે.

(૧૬) હવે વાદી જણાવે છે તેવો કરાર થયેલ હતો તેવી હકીકત વાદી પ્રથમદર્શનિય બતાવી શકેલ છે કે કેમ તે હકીકતે જોતાં વાદીનુ પક્ષનિવેદન જોતાં પ્રતિવાદીઓ સાથે જમીન વેચાણ બાબતે કોઈ લેખિત કરાર અસ્તિત્વમાં હોય તેવુ ખુદ વાદીનુ કથન નથી કે તમામ પ્ર તિવાદીઓ સાથે વાટાઘાટ કરી કરાર કરેલ હોય કે પ્રતિવાદીઓને વ્યકિતગત અલગ અલગ અવેજની ચુકવણી કરેલ હોય તેવું પણ વાદીઓનુ કથન નથી. જેથી આ અદાલતે કરાર અસ્તિત્વમાં આવેલ કે કેમ તે હકીકત રેકર્ડી પુરાવા આધારે વાદી પ્રથમદર્શનિય બતાવી શકેલ છે કે કેમ તે જોવાનુ રહે છે સાથે સાથે એ પણ નોધવુ જરુરી બને છે કે હાલના તબકકે વાદી આવો કરાર પુરવાર કરી શકેલ છે કે કેમ તથા વાદી દાવામાં સફળ થશે તે માટે આવશ્યક એવા પુરાવા

ની ઉંડાઈમાં અદાલતે ઉતરવાનુ રહેતુ નથી કે અદાલતે વેચાણ કરાર કે પક્ષકારો વચ્ચે રહેલ તકરારોનો હાલના તબકકે કોઈ આખરી સ્વરૂપનો નિર્ણય લેવાનો રહેતો નથી અને ફકત પ્ર ાઈમાફેસી વ્યુહ લેવાનો રહે છે જેથી આ તબકકે અદાલતે પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહેતુ નથી પરંતુ તેનો મતલબ એ પણ નથી કે વાદી જે હકીકત જણાવે છે તે હકીકત અદાલતે માની લેવી, પરંતુ વાદી જે હકીકત જણાવે છે તે હકીકતે દસ્તાવેજો આધારે પ્રથમદર્શનિય જણાઈ આવે છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

(૧૭) ઉપરોકત હકીકતે વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે જમીન વેચાણ અંગે સમજુતીનુ અસ્તિત્વ છે કે કેમ તે હકીકતે જોતાં દાવામાં મુળ પ્રતિવાદીઓ સ્વતંત્ર રીતે દાવાવાળી જમીનોના માલીકી હકક ધરાવતા હતા તે હકીકત સ્વીકૃત છે તેમજ વાદી તરફે નિ.૪/૧ તથા નિ.૪/૨ ના દસ્તાવેજો પણ આધાર રાખેલ છે જે દસ્તાવેજો જોતાં નિ.૪/૧ તા.૧૫/૯/૬૯ ના સમજુતી કરાર આધારે પ્રતિવાદીઓએ સંયુકત રીતે જમીનો ખરીદવાની સમજુતી મુજબ જમીનો ખરીદ કરેલ અને ત્યાર બાદ નિ.૪/૨ આધારે દરેકનો હિસ્સો અલગ કરવામાં આવેલ અને તે મુજબ રેવન્યુ રેકર્ડમાં જમીનો સ્વતંત્ર રીતે પ્રતિવાદીના નામે દાખલ થયેલ હોવાની નોધ નં. ૧૩૭૧, ૨૫/૨/૧૯૭૬ ના રોજ પડેલ છે અને રેવન્યુ રેકર્ડના ઉતારા પક્ષકારો તરફે રજુ થયેલ છે. જેથી નિ.૪/૧ તથા નિ.૪/૨ના દસ્તાવેજોનો હેતુ પરિપુર્ણ થઈ રેવન્યુ રેકર્ડે નોધ પડી ગયેલ છે. વાદી તરફે નિ.૧૫૬/૧ તથા નિ.૧૫૬/૨ થી રજુ દસ્તાવેજો જોતાં તેમાં નિ.૧૫૬/૧ થી લોપાબેન નારણભાઈ પટેલ(લોપાબેન પંકજભાઈ દવે) વતી તેઓના પાવર ઓફ એટોર્ની હોલ્ડર ભરતભાઈ કાંતિલાલ દવે તથા પ્રભાબેન મનુભાઈ પટેલ નાઓએ માંજે મઢેલીના ખાતા નં . ૩૬૧, ૩૫૬,૩૬૨,૩૫૭ ની કુલ ૨૦ જમીનો બાબતે ટાઈટલ કલીયરન્સ અંગે વકીલશ્રી દવારા

પેપરમાં પ્રસિધ્ધ કરેલ નોટીસ રજુ કરેલ છે તેના પર આધાર રાખેલ છે. જેનો વાદી તરફે નિ.૧ ૫૬/૨ થી જવાબ સ્વરૂપે જાહેરનોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તદુપરાંત વાદી તરફે મહત્વની હકીકતે પ્રતિવાદી નં.૧,૨ ને સતા હોવા બાબતે રજુ રાખેલ પાવરનામા ધ્યાને લેતાં તેમાં નિ.૫૦/૮૦ થી લોપાબેન પંકજભાઈ દવે નાએ તા.૨૪/૧૨/૦૫ નારોજનુ પાવર ઓફ એટોર્નીની નકલ રજુ છે જેમાં તેણીની માતા ભાગીરથીબેન નારણભાઈ પટેલ અને અંકલ રમણભાઈ ભાઈલાલભાઈ પટેલને પાવર આપેલ છે અને તેમાં મિલકત ખરીદવા વેચવાના અધિકાર સાથેનુ પાવરનામુ હોવાનુ જણાય છે. તેમજ નિ.૫૦/૯૮ થી (૧) રમણભાઈ ભાઈલાલભાઈ પટેલ (૨) નવિનભાઈ બાપુલાલ પરીખ તથા (૩) ચંન્દ્રીકાબેન ચંદુભાઈ પટેલ નાઓ એ તેઓની મઢેલી ગામની ખેતીની જમીનોના સ્વતંત્ર, જોઈન્ટ અને કો.ઓનર હોવાની હકીકતે તેવી જમીનો સંદર્ભે ગીરીશભાઈ ચંદુભાઈ પટેલને પાવર આપેલ છે જેમાં તેવી જમીનો તેઓ મેનેજ ડીલવીથ, ડીસ્પોઝ ઓફ અથવા સેન્ટ્રલ ગર્વમેન્ટ તથા લોકલ કાયદાને કોમ્પ્લાય કરી શકતા નહોવાની હકીકતે પાવર આપેલ છે તેમજ નિ.૫૦/૯૯ થી નારણભાઈ ભાઈલાલભાઈ પટેલે તથા મનુભાઈ ભાઈલાલભાઈ પટેલે તા.૧૮/૧૧/૧૯૭૭ ના રોજ ગીરીશભાઈ ચંદુભાઈને પાવર આપેલ તે રજુ રાખેલ છે. તેવા પાવર આપનાર પૈકી નારણભાઈ ભાઈલાલભાઈ તા.૩૦/૧૦/૦૪ ના રોજ મરણ ગયેલ છે. તેમજ દાવાવાળી જમીનોના કબજેદાર પ્રતિવાદી નં.૬ ઉર્મિલાબેન રમણભાઈ પટેલ કે તા.૮/૧/૧૯૯૧ ના રોજ મરણ ગયેલ છે પ્રતિવાદી નં.૮ ચંચળબેન ચંદુભાઈ પટેલ તા.૫/૭/૮૨ નારોજ પ્રતિવાદી નં.૧૦ નારણભાઈ તા.૩૦/૧૦/૦૪ ના રોજ એટલે કે વાદીના કહેવાતા કરાર અગાઉ મરણ ગયેલ છે તેમજ વાદી તરફે પ્રતિવાદી નં.૫, ૬ તથા ૮, ૯ નાએ કોઈ પાવરનામુ કે અધિકાર પ્રતિવાદીનં

. ૧, ૨ ને આપેલ હોય તેવુ રજુ રાખવામાં આવેલ નથી કે દાવાવાળી મિલકતો સંદર્ભે તેઓની સાથે સીધી વાતચીત થયેલ હોય કે ગુજરી જનાર વતી વારસો સાથે વાતચીત થયેલ હોય તેવુ વાદીનુ કથન કે પુરાવો નથી.

(૧૮) વધુમાં વાદી તરફે પુરેપુરો અવેજ ચુકવી આપેલ હોવાની હકીકતે પક્ષનિવેદન કરવામાં આવેલ છે તેમજ કબજો વાદીને સોપી આપેલ હોવાની હકીકતે પણ પક્ષનિવેદન કરવામાં આવેલ છે. જે હકીકતે પ્રતિવાદી તરફે અવેજ નહી મળેલ હોવાની હકીકતે મહત્વની હકીકતે તકરાર ઉઠાવેલ છે.જે અવેજ બાબતે વાદી તરફે નિ.૪/૩૮ રજુ રાખેલ છે જે પ્રતિવાદી નં.૧ ના કર્મચારી હસમુખભાઈએ આપેલ હોવાનુ વાદી નુ કથન છે આ પાવતી જોતાં તેમાં કુલ પેમેન્ટ ૧ ,૪૩,૦૦,૦૦૦/– પૈકી ચેકથી રૂા.૮૦,૨૧,૦૦૦/– તથા કેશ રૂા.૪૨,૦૦,૦૦૦/– તા.૨૫/૨/૨૦૦૬ સુધી આપ્યા તેવુ લખેલ છે અને કેશ બાકી રૂા.૨૦,૭૯,૦૦૦/– લખેલ છે એટલે કે ૨૫/૨/૦૬ સુધી બાકી રકમ રૂા.૨૦,૭૯,૦૦૦/– આ પાવતી મુજબ રહેતી હતી તેમજ ત્યારબાદ ખુદ વાદીનુ કથન જોતાં રૂા.૩૦,૭૫,૦૦૦/– એચ.ડી.એફ.સી.બેકના ડીમાન્ડ ડ્રાફટ જેમાં (૧) નિ.૪/૩૯ વાળો તા.૨૩/૬/૦૬ ડી.ડી.નં.૧ ૬૬૦૫૮ રૂા.૬,૫૭,૦૦૦/– (૨) નિ.૪/૪૦ વાળો તા.૨૩/૬/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૫૯ રૂા.૮,૪૦,૦૦૦/– (૩) નિ.૪/૪૧ વાળો તા.૪/૭/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૬૭ રૂા.૭,૪૬,૦૦૦/– (૪) તથા નિ.૪/૪૨ વાળો તા.૪/૭/૦૬ ડી.ડી.નં.૧ ૬૬૦૬૮ રૂા.૮,૩૨,૦૦૦/– તથા થી ચુકવી આપતાં તા.૪/૭/૨૦૦૬ ના રોજ વાદીઓ એ જમીનનો કબજો વાદીઓને સુપ્રત કરેલો જે ડ્રાફટ પૈકી નિ.૪/૪૧ વાળો રીયલાઈઝડ થયેલ નથી વધુમાં વાદીએ પ્રતિવાદીઓ ને કોના નામે કઈ જમીન કરવાની છે તેવુ લીસ્ટ આપેલાનુ

અને પ્રતિવાદી સંમત થતાં નિ.૪/૫૦ વાળી પાવતી તા.૧૩/૪/૧૦ ના રોજ રૂા.૨૦,૦૦,૦૦૦/– રોકડા પ્રતિવાદીઓ ને આપેલા જેની પાવતી ગીરીશભાઈએ આપેલી તથા પ્રતિવાદી નં.૧ ની કંપનીની ઓફિસે તા.૨૩/૬/૨૦૧૦ ના રોજ નિ.૪/૪૩ થી નિ.૪/૪૮ થી રજુ કુલ ૬ ડીમાન્ડ ડ્રાફ્ટ પ્રતિવાદી નં.૧ ની સુચના થી તેઓના એકાઉન્ટન્ટ ને આપેલા તે રજુ રાખેલ છે જે પૈકી પાંચ ડીડી નિ.૪/૪૩, ૪/૪૪, ૪/૪૫,૪/૪૭, ૪/૪૮ વાળા રીયલાઈઝડ થયેલ નથી તે હકીકત રેકડ પર વાદી દવારા મુકવામાં આવેલ છે, પરંતુ વાદીએ દાવામાં આવી કોઈ હકીકતે પક્ષનિવેદન કરેલ નથી તેમજ વાદી તરફે રજુ થયેલ પાવતીઓ નિ.૪/૩૮, ૪/૪૯, ૪/૫૦ જોતાં વાદીએ તેમાં જણાવ્યા મુજબનો અવેજ ચુકવેલ હોવાની હકીકતે જોતાં પણ આ પાવતીઓ પ્રતિવાદીઓ એ અવેજ સ્વીકારી સહી કરવામાં આવેલ નથી અને જે સહી થયેલ હોવાનુ કથન છે તેને તમામ પ્રતિવાદીઓ વતી કરાર કરવા અથવાતો અવેજ સ્વીકારવા સતા હતી કે કેમ તે હકીકત હાલના તબકકે પુરાવાનો વિષય છે. તેમજ વાદી તરફે નિ.૫૦/૫૩ થી તા.૧૦/૪/૨૦૧૧ ના રોજનો એટલે કે હાલનો દાવો થયા બાદનો છે જે ની આર.બી.પટેલને મળેલ રકમ ની વિગતો જણાવેલ છે. આમ આ લખાણ દાવા બાદનુ હોય અને આર.બી.પટેલ દાવાના પક્ષકાર પૈકીના હોય તો ત્યાર બાદ પણ કોઈ કાર્યવાહી થયેલ નથી કે જવાબમાં તેઓએ આ બાબતે સ્વીકૃતી આપેલ નથી. તેમજ પ્રતિવાદીઓનુ કથન કે વાદીએ રેમનજીલેટીનમાં રોકાણ કરવા રકમ આપેલ તેવી હકીકતે નિ.૨૬/૧ થી રમણભાઈ ભાઈલાલભાઈની બેંક ઓફ ઈન્ડીયાની પાસબુકની નકલ રજુ છે તે જોતાં વાદીએ જણાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ જેમાં તા.૨૮/૬/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૫૮ રૂા.૬,૫૭,૦૦૦/– તથા ડી.ડી.નં .૧૬૬૦૫૯ રૂા.૮,૪૦,૦૦૦/– રમણભાઈ ભાઈલાલભાઈના ખાતામાં જમા થયેલ

અને તા.૨૯/૬/૦૬ ના રોજ રેમન પટેલ જીલેટીનના ખાતામાં રૂા.૧૪,૯૭,૦૦૦/- જમા કરાવેલ હોવાનુ તથા નિ.૨૮/૧ થી ભાગીરથીબેનની બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક રજુ થયેલ છે તે જોતાં તેમાં તા.૮/૭/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૬૭ રૂા.૭,૪૬,૦૦૦/- ની રકમ જમા થયેલ છે. તેમજ નિ.૨૭/૧ થી રજુ મનુભાઈની બેંક ઓફ ઈન્ડીયાની પાસબુક જોતાં તેમાં તા.૬/૭/૦૬ ડી.ડી.નં.૧૬૬૦૬૮ રૂા.૮,૩૨,૦૦૦/- રોજ જમા થયેલ છે અને તા. ૮/૭/૦૬ ના રોજ તેટલી જ રકમ રેમન પટેલ જીલેટીન પ્રા.લી માં જમા થયેલ હોવાનુ જણાય છે. જેથી વાદીએ કોઈ રકમ ચુકવેલ હોય તો તે દાવાવાળી જમીનના અવેજ પેટે ચુકવેલ હતી કે પ્રતિવાદીઓની તકરાર મુજબ રોકાણ પેટે તે હકકીત હાલના તબકકે પુરાવાનો વિષય છે. જેથી આમ તમામ હકીકતો જોતાં વાદીઓ તમામ પ્રતિવાદીઓ વતી પ્રતિવાદી નં.૧, ૨ દાવાવાળી તમામ જમીનો બાબતે કહેવાતો કરાર કરવા કે અવેજ સ્વીકારવા માટે સક્ષમ હતા તેવી હકીકત પ્રથમદર્શનિય બતાવી શકેલ નથી.

તેમજ વાદી તરફે નામદાર સુપ્રિમકોર્ટમાં ચાલતી કાર્યવાહી તથા રેવન્યુ રાહે ચાલતી કાર્યવાહીમાં પ્રતિવાદીઓ વતી હાજર રહી ખર્ચ કરેલ હોવાની હકીકતે રોકડ તથા ડીમાન્ડ ડ્રાફટથી કુલ રૂા.૫,૮૫,૦૦૦/- જુદા જુદા સમયે ચુકવેલ હોવાની હકીકતે નિ.૪/૫૪ થી નિ.૪/૫૯ સુધી પત્રો તથા ડીડીની નકલ રજુ કરેલ છે. તેમજ નામદાર સુપ્રિમકોર્ટે સીવીલ અપીલ નં.૪૪૨૦/૨૦૦૪ ના કામે નામદાર સુપ્રિમકોર્ટે હુકમ કરી લેન્ડ સીલીંગ એકટમાંથી તમામ જમીન મુકત કરેલ અને પ્રતિવાદીઓ મુળ માલીકો પાસેથી ખરીદ કરેલ તે સમયે ખેડુત હતા કે કેમ તથા સીલીંગનો નિર્ણય કરવા મામલતદારને મોકલી આપેલ અને મામલતદાર અને કૃષિપંચએ કેસની સુનાવણી કરી ગણોત કેસ નં.૩૬/૦૮ થી ૩૯/૦૮ તથા ૪૪/૦૮ માં

કામ ચલાવી પુરાવો લઈ ગણોત ધારાની કલમ–૬૩ નો ભંગ થતો નહોવાનુ ઠરાવી કલમ–૮૪સી હેઠળ આપેલી નોટીસ પરત ખેચી કામ બંધ કરવાનો હુકમ તા.૨૧/૬/૦૮ ના રોજ કરેલાનુ તથા તે બાદ નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા, વડોદરાએ મામલતદાર અને કૃષિપંચશ્રીના થયેલ હુકમ રીવીઝનમાં લઈ રીવીજન કેસ નં.૨૪/૧૦ થી ૨૮/૧૦ થી રજીસ્ટર્ડ કરી નોટીસો કાઢેલ તે અગાઉ ડે.કલેકટરશ્રીએ ટેનન્સીનો જે હુકમ કરેલ તે ઉપર ગુજરાત ટ્રીબ્યુનલ સમક્ષ પ્રતિવાદીઓ એ ટેનન્સી રીવીઝન નં.૩૮૦/૯૯ થી કરેલ જે તા.૨૭/૮/૯૯ ના રોજ બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફેરતપાસની અરજ મોકુફ રાખતો હુકમ કરેલ અને તેની કાર્યવાહી થયેલ હોવાની હકીકતે પક્ષકારો તરફે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તેમજ પ્રતિવાદી તરફે દાવાવાળી જમીનો વાદી કરાર થયેલ તે સમયે યુ.એલ.સી. ની કાર્યવાહી પેન્ડીંગ હોઈ પ્રતિવાદીઓ વેચાણ કરી શકવા સક્ષમ નહતા તેવી હકીકતે દલીલ થયેલ છે સામે વાદી તરફે યુ.એલ.સી.ની કાર્યવાહી માં જમીનનો કબજો લેવામાં આવેલ નથી અને સુપ્રિમકોર્ટ સુધી મામલતદારનો હુકમ સ્ટે કરવામાં આવેલ હતો જેથી જમીન સબંધે કરાર શકય હોવાનુ જણાવેલ છે. આમ દાવાવાળી જમીનો સંદર્ભે સને.૨૦૦૮ માં નામદાર સુપ્રિમકોર્ટે હુકમ કરી જમીન અર્બન લેન્ડ સીલીંગમાં થી મુકત કરેલ તેમજ ત્યાર બાદ તમામ ખરીદનારા ખેડુત હતા કે કેમ તે નકકી કરી મામતલદારને યોગ્ય હુકમ કરવા ફરમાવેલ અને ત્યાર બાદ પણ જમીનો સંદર્ભે રેવન્યું કાર્યવાહી ચાલેલ છે જેથી સદર જમીનોનો આ તમામ કાર્યવાહીના અંતે વેચાણ દસ્તાવેજ થઈ શકે તેવી ચોખ્ખી માર્કેટેબલ થયેલ હોવાનુ જોતાં પણ જો વાદી જણાવે છે તેવો કરાર થયેલ હોય તો પણ તે હાલના પ્રાથમિક તબકકે ઈનવેલીડ ઠરાવી શકાય તેમ નથી.

(૧૯) તેમજ વાદીઓના કથન મુજબ કરાર અન્વયે દાવામાં જણાવેલ હકીકતે રકમ ચુકવતાં તા.

૪/૭/૨૦૦૬ના રોજ દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓએ વાદીઓને સુપ્રત કરેલ હોવાનુ અને વાદીઓ તેને ખેડી તેનુ ઉત્પનન લેતા હોવાની હકીકતે પક્ષનિવેદન કરેલ છે તેમજ વાદી તરફે નિ.૪/૫૧ થી મઢેલી, વાઘોડીયાના ખાતા નં.૩૫૭, ૩૫૫,૩૫૬, ૩૬૪, ૩૫૯, ૩૬૩, ૩૬૦, ૩૬૧, ૩૬૨ ની મહેસુલ વેરાની પાવતીઓ તા.૧/૭/૦૯ ના રોજ ભરેલ તે રજુ રાખેલ છે તેમજ દાવા દરમ્યાન ભરેલ મહેસુલ વેરાની પાવતીઓ રજુ રાખેલ છે તેમજ દાવાના કામે કોર્ટ કમિશ્નર દવારા થયેલ, પંચનામા આધારે પણ વાદીનો કબજો હોવાની રજુઆત થયેલ છે. આમ સ્વીકૃત રીતે વાદીની તરફેણમાં કબજાની સોપણી કરતો કોઈ દસ્તાવેજ કે કોઈ કબજા પાવતી આધારે વાદીને કબજો સોપવાામાં આવેલ હોય તેવુ વાદીનુ કથન કે પુરાવો નથી તેમજ તમામ પ્રતિવાદીઓ એ અથવાતો તમામ વતી કયા પ્રતિવાદીએ કયારે, કઈ રીતે જમીનનો કબજો સોપેલ તેની કોઈ ચોકકસ વિગતે વાદીએ પક્ષનિવેદન કરેલ નથી. તેમજ વાદી તરફે આજદિન સુધી આ જમીનોમાં દાવો થયેલ ત્યાર સુધી ખેત ઉત્પન્ન લઈ આવક મેળવેલ હોવાની હકીકતે કોઈ સમર્થનકારી પુરાવો નથી કે સદર જમીનોમાં વાદી લાંબા સમયથી ખેતી કરી ઉત્પન્ન લેતા હોવાની હકીકતે જમીનોના રેવન્યુ રેકર્ડમાં બીજા હકકોમાં વાદીનુ ખેડુત તરીકે નામ ચઢેલ હોય તેવુ રેવન્યુ રેકર્ડ રજુ થયેલ નથી જેથી હાલના તબકકે ફકત કોર્ટ કમિશ્નર ના પંચનામામાં વાદીના માણસો કામ કરતા હોવાની લખેલ હકીકત આધારે વાદીનો કબજો હોવાનુ ઠરાવવુ જોખમી ગણાય જેથી કબજો વાદીનો છે તેવા કોઈ સ્પષ્ટ તારણપર હાલના તબકકે આવી શકાય તેમ નથી. વધુમાં પ્રતિવાદીઓ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં માલીક કબજેદાર તરીકે નામ ચાલી આવેલ છે અને ખેડુત તરીકે પણ પ્રતિવાદીઓના નામ ચાલી આવેલ છે. તેમજ વાદીનો કબજો જણાઈ આવેલ નથી જેથી કાઉન્ટર મનાઈ અરજીના પ્રતિવાદીઓનો

કબજો નહી હોવાનુ માનવાને કારણ નથી.

(૨૦) આમ ઉપરોકત સમગ્ર ચર્ચા અનુસંધાને વાદી તમામ પ્રતિવાદીઓ સાથે કરાર થયેલાની અને તેવા કરાર આધારે તમામ પ્રતિવાદીઓને દાવામાં જણાવ્યા મુજબનો પુરો અવેજ ચુકવી જમીનો કબજો ધરાવી ખેતી કરી ખેત ઉપજ લેતા હોવાની હકીકત પ્રથમદર્શનિય બતાવી શકેલ નથી. તેમજ વાદીનો કબજો હોવા બાબતે ફકત મહેસુલ ની પાવતી તથા કોર્ટકમિશ્નરનુ પં ચનામામાં થયેલ નોધ વાદીઓનો આટલી મોટી જમીન પરનો કબજો હોવાનુ બતાવવા માટે પુરતી જણાઈ આવતી નથી તેનાથી વિરૂધ્ધ દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી ઓ માલીક કબજેદાર તરીકે નામ ચાલી આવેલ છે અને કોઈ પણ સમયે વાદીઓ ખેતી કરતા હોવા બાબતે રેવન્યુ રેકર્ડમાં બીજા હકકોમાં ખેડુત તરીકે વાદીઓનુ નામ આવેલ નથી જેથી કબજો માલીકી સાથે જાય તે સિધ્ધાંત ના આધારે પણ દાવાવાળી જમીનો પ્રતિવાદીઓના કબજામાં હોવાનુ માનવાને કારણ રહે છે અને વાદી તરફે કબજા બાબતે તકરારો હોવાનુ જોતાં કબજાનુ રક્ષણ કરવુ આવશ્યક બને છે. જેથી વાદીનો પ્રથમદર્શનિય કેસ નથી જેથી બેલેન્સ ઓફકન્વિનિયન્સ તથા ઈરરીપેરેબલ લોસ પણ વાદીને સંભવી શકે તેમ નહોવાનુ ઠરાવી મુદા નં .૧ થી ૩ નો નિર્ણય વાદીની વિરૂધ્ધમાં ઠરાવવામાં આવે છે તથા આંક–૧૧૨, ૧૧૩, ૧૧૪ ની અરજીના પ્રતિવાદીઓની તરફેણમાં હકારમાં ઠરાવી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૨૧) હાલની અરજીઓ સંદર્ભે **નામદાર ગુજરાત હાઈકોર્ટના રે.સ્પે.સી.એ. નં.૧૧૭૬૨/૨૦૨૩ ના કામે થયેલ હુકમની નકલ વાદી તરફે આંક–૧૭૨ થી કામબોર્ડની અરજી સાથે તા.૧૭/૮/૨૦૨૩ રજુ થયેલ હતી જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તેવો હુકમ મળે થી ત્રણ માસમાં આંક–૫ ની**

**અરજીનો નિકાલ કરવા ડાયરેક્શન આપવામાં આવેલ હતુ તેમજ આ સમય દરમ્યાન પક્ષકારો જોડવાની અરજીઓ તથા આંક–૬૦ ની સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧ ની અરજીઓનો નિકાલ કરવામાં સમય ગયેલ હોઈ અત્રેની અદાલત દવારા એકસટેન્સન માગવામાં આવતાં તે આધારે સદરહુ ડાયરેકશન નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા વધુ ત્રણ માસ માટે લંબાવી આપતો હુકમ તા.૨૯/૧૧/૨૩ ના રોજ કરેલ હતો જે હુકમ મુજબ તેવા સમય દરમ્યાન આંક–૫ નો નિકાલ કરવામાં આવેલ હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશનનુ પાલન થયેલ છે.**

**–: હુકમ :–**

વાદીની આંક–૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે તેમજ પ્રતિવાદીઓની આંક–૧૧૨, ૧૧૩, ૧૧૪ ની અરજીઓ આથી મંજુર રાખવામાં આવે છે અને વાદીએ દાવાવાળી જમીનોના હાલના પ્રતિવાદીઓના કબજામાં હરકત અંતરાય કરવો કરાવવો નહી તેવો દાવા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ વાદીની વિરૂધ્ધમાં અને કાઉન્ટર મનાઈ અરજીના પ્રતિવાદીઓ ની તરફેણમાં ફરમાવવામાં આવે છે.

અરજી નુ ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.**૩૦, જાન્યુ**. સને. **૨૦૨૪**ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા. ૩૦/૦૧/૨૦૨૪

**(બાબુભાઈ માધવલાલ પ્રજાપતિ)**

**(GJ00865)**

પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ,

સાવલી, જી.વડોદરા.